RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 19-08-2026 I VOL : 12 I Issue : 154 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

**સુવિચાર**

સફળતા માટે સતત સુધારો જરૂરી છે. લક્ષ્ય પર નજર રાખો. તકની રાહ ન જુઓ, તક બનાવો.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

રાજ્ય સરકારનો ઐતિહાસિક નિર્ણય: પંચાયત તલાટી અને મહેસૂલી તલાટીનો નવો...

4


ગળું દબાવી ડાયટીશિયન પત્નીને મોતને ઘાટ ઉતારી, લાશને...

6

જન્મદિવસના પાંચ દિવસ પહેલાં 36 વર્ષની અભિનેત્રીએ દુનિયાને...

7

શ્રીલંકા સામે પહેલી ટેસ્ટમાં ભારત મજબૂત સ્થિતિમાં

## એક નજર...

### કરિશ્મા શર્માનો સિઝલિંગ લુક, સોશિયલ મીડિયા પર વાયરલ



કરિશ્મા શર્મા પોતાની બોલ્ડનેસ માટે જાણીતી છે. કરિશ્મા શર્મા સોશિયલ મીડિયા પર ખુબ એક્ટિવ રહે છે. કરિશ્મા શર્માને ઈન્સ્ટાગ્રામ પર 2.3 મિલિયન લોકો ફોલો કરે છે. તેથી જ તેની તસવીરો સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થઈ જાય છે.બોલ્ડ અંદાજમાં પોઝ આપતી વખતે કરિશ્મા શર્મા ખૂબ જ સ્ટાઈલિશ અને સુંદર લાગી રહી છે.

## NEWS TRACK

### ટ્રમ્પની લોકપ્રિયતા ઘટી, માત્ર 33% લોકોની જ પસંદ: ઈરાન યુદ્ધના કારણે ઘટાડો આવ્યો

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતા ઈરાન યુદ્ધ વચ્ચે સતત ઘટી રહી છે. રોયટર્સ/ઈપસોસના તાજા સર્વેમાં માત્ર 33% અમેરિકનોએ ટ્રમ્પના કામકાજને મંજૂરી આપી. જ્યારે 64% લોકોએ તેમના કામકાજને નાપસંદ કર્યું. આ ટ્રમ્પના વર્તમાન રાષ્ટ્રપતિ કાર્યકાળની સૌથી ઓછી એપ્રુવલ રેટિંગ છે. આ પહેલા આ જ મહિને થયેલા સર્વેમાં ટ્રમ્પની એપ્રુવલ રેટિંગ 35% હતી. વર્તમાન 33%ની રેટિંગ તેમના પહેલા કાર્યકાળના ડિસેમ્બર 2017માં નોંધાયેલા સૌથી નીચલા સ્તર બરાબર છે. સર્વેમાં 80% અમેરિકનોએ કહ્યું કે ઈરાન સાથે અમેરિકાનું યુદ્ધ લાંબા સમય સુધી ચાલી શકે છે. આમાં 87% ડેમોક્રેટ અને 71% રિપબ્લિકન શામેલ છે. માત્ર 16% લોકોનું માનવું છે કે આ યુદ્ધ કેટલાક અઠવાડિયામાં સમાપ્ત થઈ જશે. જ્યારે ફક્ત 5 માંથી 1 અમેરિકનનું માનવું છે કે ઈરાન વિરુદ્ધ યુદ્ધ કરવું સાચો નિર્ણય હતો. ટ્રમ્પે ઈરાન સાથે શાંતિ વાટાઘાટો માટે નિર્ધારિત 60 દિવસની સમયમર્યાદા વધારવાનો ઈનકાર કર્યો છે. સોમવારે આ ડેડલાઈન પૂરી થઈ ગઈ.

### ટ્રમ્પનો વધુ એક ચોંકાવનારો દાવો, હોર્મુઝને ગણાવ્યો અમેરિકાનો નવો વિસ્તાર, નક્શો પણ શેર કર્યો

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર સ્ટ્રેટ ઓફ હોર્મુઝનો નકશો પોસ્ટ કરીને તેને 'NEW U.S. Territory' ગણાવી છે. આ નકશામાં ઈરાન અને ઓમાન વચ્ચે આવેલા આ મહત્ત્વના દરિયાઈ જળમાર્ગને ઘેરીને તેને અમેરિકાનો નવો વિસ્તાર દર્શાવવામાં આવતા આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ચર્ચા જાગી છે. ટ્રમ્પે નકશો શેર કરીને કર્યો મોટો દાવો ડોનાલ્ડ ટ્રમ્પ (Donald Trump) દ્વારા પોસ્ટ કરાયેલા ગ્રાફિકમાં ઈરાન અને ઓમાન વચ્ચે આવેલા સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર નિશાન બનાવી તેની ઉપર 'NEW U.S. Territory' લખવામાં આવ્યું છે. આ અગાઉ પણ તેમણે જણાવ્યું હતું કે, તેઓ ટૂંક સમયમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝને અમેરિકાનો પ્રદેશ જાહેર કરી શકે છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે હોર્મુઝ પર અમેરિકાનું સંપૂર્ણ નિયંત્રણ છે અને તે તેને પોતાની પાસે જ રાખશે. તેમણે અમેરિકન નેવીની નાકાબંધીને સ્ટીલની દીવાલ ગણાવીને કહ્યું હતું કે ઈરાનનું લશ્કરી માળખું નષ્ટ થઈ ગયું છે અને ત્યાં 300% મોંઘવારી છે.

# હું ધારાસભ્ય બન્યો હતો ત્યારે અમિત શાહ બાળક હતા: ખડગે

## અમને દેશભક્તિ ન શીખવો, ઉત્તરાખંડમાં શુદ્ધિકરણને લઈને ભાજપને ધર્મ વિરોધી ગણાવ્યો

**નવી દિલ્હી**

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે કહ્યું કે જ્યારે હું પહેલીવાર ધારાસભ્ય બન્યો હતો, ત્યારે અમિત શાહ બાળક હતા અને આજે અમને દેશભક્તિ શીખવી રહ્યા છે. અમિત શાહ અવારનવાર સોનિયા ગાંધી અને ગાંધી પરિવારની ટીકા કરે છે. તેમણે આગળ કહ્યું કે BJP ધર્મ વિરોધી છે, કારણ કે જ્યારે હું ઉત્તરાખંડ ગયો ત્યારે બે દિવસ પછી મંચનું શુદ્ધિકરણ કરવામાં આવ્યું.

આ શુદ્ધિકરણ રામલીલા મેદાનમાં કરવામાં આવ્યું હતું, જ્યાં ખડગેએ 8 ઓગસ્ટે ભાષણ આપ્યું હતું. તેમણે આ વાત દક્ષિણ ગોવામાં એક જનસભાને સંબોધિત કરતા કહી. જ્યારે, અમિત શાહે 16 ઓગસ્ટે કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી મુખ્યાલય પર વંદે માતરમનું ગાન થઈ રહ્યું હતું. વચ્ચે જ કોંગ્રેસના નેતા સોનિયાજીએ કોંગ્રેસ અધ્યક્ષને ગાન રોકવા કહ્યું. રાજ્યના 12 મંત્રીઓમાંથી 10 પૂર્વ કોંગ્રેસી નેતાઓ છે, જેઓ પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા છે.



ગદ્દારોને મત ન આપો. જો તમે તેમને મત આપશો, તો તમે પણ ગદ્દાર બની જશો. મોટા શહેરોના ધનિક લોકો ગોવામાં જમીન ખરીદી રહ્યા છે. શું તેઓ તેને તમારી ભલાઈ માટે ખરીદી રહ્યા છે કે ગોવાની મજાક ઉડાવવા માટે. બહારથી આવતા લોકોને જમીન ખરીદીને મનસ્વી કિંમતો પર ઘર બનાવવા અને ગોવાનું શોષણ કરવાની મંજૂરી ન આપવી જોઈએ. ગોવામાં એવા પ્રવાસીઓનું સ્વાગત થવું જોઈએ, જેઓ રાજ્યની સંસ્કૃતિનું સન્માન કરે અને તેનું રક્ષણ કરે. દિલ્હી પોલીસે રાહુલ અને સોનિયા ગાંધી વિરુદ્ધ વંદે માતરમના અપમાન સંબંધિત કેસની તપાસ શરૂ કરી દીધી છે. 16 ઓગસ્ટે IP એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં એક વકીલે ફરિયાદ કરી હતી. તેમાં બંને નેતાઓ વિરુદ્ધ FIR નોંધવાની માગ કરવામાં આવી છે. ફરિયાદીનો આરોપ છે કે વંદે માતરમના શરૂઆતના ભાગ પછી સોનિયા ગાંધીએ કેટલાક ઈશારા કર્યા, જેને ગીત ચાલુ રાખવા પર વાંધા તરીકે જોવામાં આવ્યા.

## મૃત્યુદંડ માટે ફાંસીની જગ્યાએ મોતનું ઈન્જેક્શન આપવાની માગ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે ભારતમાં ફાંસીની જગ્યાએ 'લીથલ ઈંજેક્શન' (ઝેરી ઈંજેક્શન) જેવી ઓછી દર્દનાક પદ્ધતિઓથી મૃત્યુદંડ આપવાની માંગ કરતી જાહેર હિતની અરજી ફગાવી દીધી છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેંચે ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું કે, દેશમાં હાલમાં અમલમાં રહેલી ફાંસીની પ્રક્રિયા જ બંધારણીય રીતે માન્ય અને અસરકારક છે. આ ઉપરાંત, અદાલતે આ વિષય સાથે જોડાયેલા જૂના ચુકાદાઓની પુનઃસમીક્ષા માટે આ મામલાને મોટી બેંચ પાસે મોકલવાની માંગને પણ કોઈ મજબૂત આધાર ન હોવાનું જણાવીને રદ કરી દીધી છે. સિનિયર વકીલ ઋષિ મલ્હોત્રા દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં BNSSની કલમ 393(5)ની બંધારણીયતાને પડકારવામાં આવી હતી. અરજદારની દલીલ હતી કે ફાંસી દ્વારા અપાતો મૃત્યુદંડ અત્યંત દર્દનાક, ક્રૂર અને અમાનવીય છે, જ્યારે બંધારણના અનુચ્છેદ 21 હેઠળ સન્માનજનક મોતનો અધિકાર મળવો જોઈએ. અરજીમાં જણાવાયું હતું કે ફાંસી આપ્યા બાદ કેદીને મૃત જાહેર કરવામાં આશરે 40 મિનિટ લાગે છે, જ્યારે ઝેરી ઈંજેક્શન કે અન્ય પદ્ધતિઓમાં 5 મિનિટમાં જ મોત થઈ જાય છે. આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્ર (UN)ના પ્રસ્તાવનો પણ હવાલો આપવામાં આવ્યો હતો.

## CJIનું નામ ચીફ ગેસ્ટની લિસ્ટમાંથી 'ડિલીટ', વિદ્યાર્થીઓના વિરોધની આશંકાને પગલે મુંબઈ સ્થિત TISS નો નિર્ણય

**મુંબઈ**

મુંબઈ સ્થિત ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ (TISS)ના 86મા દીક્ષાંત સમારોહમાં હવે ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંત ચીફ ગેસ્ટ તરીકે હાજર રહેશે નહીં. સંસ્થાએ છેલ્લી ઘડીએ ચીફ ગેસ્ટના નામમાં ફેરફાર કર્યો છે. હવે ટાટા મેમોરિયલ હોસ્પિટલના નિયામક ડૉ. સી. એસ. પ્રમેશ આ દીક્ષાંત સમારોહમાં ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહેશે. આ સમારોહ 22 ઓગસ્ટે યોજવામાં આવશે. અગાઉ 2 ઓગસ્ટે યોજાનાર કાર્યક્રમ અચાનક સ્થગિત કરાયો હતો TISSનો 86મો દીક્ષાંત સમારોહ અગાઉ 2 ઓગસ્ટ, 2026ના રોજ યોજાવાનો હતો. આ કાર્યક્રમમાં CJI સૂર્યકાંતને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા, જ્યારે બોમ્બે હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટિસ, જસ્ટિસ રવિન્દ્ર ઘુગેને સ્પેશિયલ ગેસ્ટ બનાવવામાં આવ્યા હતા. જોકે, કાર્યક્રમના માત્ર 48 કલાક પહેલાં TISS દ્વારા ઈમેલ મોકલીને દીક્ષાંત સમારોહ સ્થગિત કરવાની માહિતી આપવામાં આવી હતી.

## ભારત સહિત અનેક દેશોમાં 2027માં ખાદ્યાન્ન સંકટ સર્જાશે: જે.પી. મોર્ગનની ડરામણી ભવિષ્યવાણી

### વૈશ્વિક ફુગાવો 5% સુધી પહોંચવાની શક્યતા છે. અલ નીનોની અસરથી પરિસ્થિતિ વધુ વણસશે, જે ખેડૂતો માટે મોટો પડકાર બનશે

**વોશિંગ્ટન**

દુનિયા પર એક મોટું અને ભયંકર સંકટ તોળાઈ રહ્યું છે. પ્રખ્યાત ગ્લોબલ ફાઈનાન્સિયલ સંસ્થા જેપી મોર્ગન દ્વારા એક મોટી અને ગંભીર ચેતવણી આપવામાં આવી છે, જે મુજબ આવતા વર્ષે એટલે કે 2027માં દુનિયાએ એક મોટા અને વિનાશક ખાદ્ય સંકટનો સામનો કરવો પડી શકે છે. રિપોર્ટમાં આ સંકટ પાછળ કેટલાક મોટા કારણો દર્શાવવામાં આવ્યા છે અને એલર્ટ કરવામાં આવ્યું છે કે ભારત, બ્રાઝિલ અને ઈન્ડોનેશિયા જેવા દેશો પર આ સંકટની સૌથી ઘાતક અને ગંભીર અસરો જોવા મળશે. જેપી મોર્ગને (JP Morgan) આગામી સમયમાં વૈશ્વિક અન્ન સંકટ (અંગે ગંભીર ચેતવણી આપી છે. રિપોર્ટ




અનુસાર, જિયો-પોલિટિકલ તણાવ, ખાતરની અછત અને આબોહવા પરિવર્તનના કારણે 2027 માં વિશ્વએ અન્ન પુરવઠાના એક નવા અને મોટા સંકટનો સામનો કરવો પડી શકે છે. આ સંકટની સૌથી વધુ અને ગંભીર અસર ભારત, બ્રાઝિલ અને ઈન્ડોનેશિયા પર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. કૃષિ ખર્ચમાં સતત થઈ રહેલો વધારો અને પાક ઉત્પાદનમાં ઘટાડો આ વૈશ્વિક સંકટને વધુ ઘેરૂ બનાવશે.

આ ગ્લોબલ ફૂડ ક્રાઈસિસના કારણે દુનિયાભરમાં મોંઘવારીનો આંકડો ભયજનક સપાટીએ પહોંચી શકે છે. જેપી મોર્ગનના અંદાજ મુજબ, 2027 ના પ્રથમ છ મહિનામાં વૈશ્વિક મોંઘવારી વધીને લગભગ 5% સુધી પહોંચી શકે છે, જે વર્ષ 2026 ના સમાન સમયગાળામાં માત્ર 2.8% હતી.

# અમદાવાદ શહેરમાં બીજા 'લઠ્ઠાકાંડ'ની તૈયારી? માધુપુરામાં હપ્તાખોરીના જોરે ઝેરી કેમિકલયુક્ત દારૂનું ખુલ્લેઆમ વેચાણ

## "PI ઘાસુરા અને વહીવટદાર સુરેશ ચૌધરી સામે તાત્કાલિક સસ્પેન્શનની માંગ: 'પાક્કો ગુજરાત'ના ફોન પર PIનું મૌન સાંઠગાંઠની આપતું જુબાની"

**પાક્કો ગુજરાત, અમદાવાદ**

અમદાવાદ શહેરનો માધુપુરા વિસ્તાર હાલ ગુનાખોરી અને ગેરકાયદે પ્રવૃત્તિઓનું હબ બની ચૂક્યો છે. પ્રજાના રક્ષણની જેમના શિરે જવાબદારી છે, તે જ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ આ અસામાજિક તત્વોના રક્ષક બન્યા હોવાના ગંભીર આરોપો સામે આવ્યા છે. માધુપુરા પોલીસ સ્ટેશનના પી.આઈ. ઝેડ. એન. ઘાસુરા અને તેમના કથિત 'વહીવટદાર' સુરેશ ચૌધરી તેમજ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા પેટા-વહીવટદાર વેલજીભાઈની મિલીભગતથી સમગ્ર વિસ્તારમાં દેશી-વિદેશી દારૂ, જુગાર અને MD ડ્રગ્સનો કારોબાર ખુલ્લેઆમ ચાલી રહ્યો છે.

માધુપુરામાં ધમધમતા ગેરકાયદે અડ્ડાઓનું નેટવર્ક:

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં નીચે મુજબના સ્થળોએ અડ્ડાઓ બેફામ ચાલી રહ્યા છે:

**દૂધેશ્વર ધોબીઘાટ: શેનાઝનો દેશી દારૂનો અડ્ડો**

**માધુપુરા: મણિયાનો દેશી દારૂ**

**શાક માર્કેટ: જયેશનો દેશી દારૂ**

**મારુતિ શોરૂમ પાસે (બગીચો): ગળિયાનો દેશી દારૂ**

**ઈદગાહ: હંસાનો દેશી દારૂ**

**ભાવિનનો અડ્ડો: દેશી તેમજ વિદેશી (ઇંગ્લિશ) દારૂનું વેચાણ**

**નાગજી કલોલવાળો: આખા માધુપુરા વિસ્તારમાં કેમિકલયુક્ત દેશી દારૂનો જથ્થો હોલસેલમાં સપ્લાય કરવાનો આક્ષેપ**

### હપ્તાખોરી અને કમિશનનું સેટિંગ

બુટલેગરોના જણાવ્યા મુજબ, વહીવટદાર સુરેશ ચૌધરી દેશી દારૂના પ્રત્યેક કેન દીઠ નિશ્ચિત કમિશન ઉઘરાવે છે. અન્ય ખાતામાં ફરજ બજાવતા હોવા છતાં સુરેશ ચૌધરી અને ક્રાઈમ બ્રાન્ચના વેલજીભાઈ માધુપુરા પોલીસ સ્ટેશનનો કરોડો રૂપિયાનો કાળો વહીવટ સંભાળી રહ્યા છે. આ વહીવટદારો અમદાવાદ પોલીસ કમિશનર, PCB અને DCPના આદેશોની પણ કોઈ પરવા કર્યા વિના અડ્ડાઓ ચલાવી રહ્યા છે.

બીજા 'લઠ્ઠાકાંડ'ની ભયાનક શક્યતા:

નાગજી કલોલવાળા દ્વારા સપ્લાય કરવામાં આવતો કેમિકલયુક્ત ઝેરી દારૂ ગમે ત્યારે મોટા લઠ્ઠાકાંડમાં પરિણમી શકે છે. જો કાલ ઉઠીને કોઈ હોનારત સર્જાય કે નિર્દોષ લોકોના જીવ જાય, તો તેની જવાબદારી કોની? પોલીસ અને બુટલેગરોની આ સાંઠગાંઠના કારણે સ્થાનિક રહીશો અને ખાસ કરીને મહિલાઓની સુરક્ષા જોખમાઈ છે. વિસ્તારમાં દારૂડિયાઓ અને અસામાજિક તત્વોના ત્રાસથી છેડતીના બનાવો સામાન્ય બન્યા છે.

### PI ઘાસુરાનો ફોન પર અસ્પષ્ટ મૌન

આ સમગ્ર મામલે સ્પષ્ટતા મેળવવા અને પી.આઈ. ઝેડ. એન. ઘાસુરાનો પક્ષ જાણવા માટે 'પાક્કો ગુજરાત'ના તંત્રી દ્વારા તેમને ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે ફોન ઉપાડવાનું મુનાસિબ માન્યું ન હતું. પોલીસની પરમિશન કે છત્રછાયા વગર આટલી મોટી માત્રામાં દારૂ-જુગારનો ધંધો ચાલવો અશક્ય છે.

### 'પાક્કો ગુજરાત'ના તંત્ર સમક્ષ સીધા પ્રશ્નો અને માંગણીઓ

૧. તાત્કાલિક અસરથી અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા PI ઝેડ. એન. ઘાસુરાને સસ્પેન્ડ કરવામાં આવે.

૨. કથિત વહીવટદાર સુરેશ ચૌધરી અને વેલજીભાઈના સીડીઆર (CDR) તથા તેમની મિલકતોની નિષ્પક્ષ તપાસ થાય.

૩. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) અને PCB દ્વારા માધુપુરાના તમામ અડ્ડાઓ પર તાત્કાલિક દરોડા પાડી કડક કાર્યવાહી કરવામાં આવે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# સત્તાના સિંહાસન પર ગુનાખોરીનો છાયો! દેશના 45% મુખ્યમંત્રીઓ સામે ક્રિમિનલ કેસ, સુપ્રસિદ્ધ સંસ્થાના રિપોર્ટથી રાજકારણમાં ખળભળાટ!

### લોકશાહીના સૌથી મોટા મંદિરના રક્ષકો જ આરોપી? એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) અને નેશનલ ઈલેક્શન વોચના ચોંકાવનારા દસ્તાવેજો જાહેર

ગાંધીનગર

જેમના હાથમાં આખા રાજ્યની કાયદો અને વ્યવસ્થાની લગામ છે, જેમના આદેશ પર આખી પોલીસ પ્રણાલી કામ કરે છે, જો એ જ સત્તાધીશો પોતે અદાલતના કટહરામાં ઊભા હોય તો જનતા સુરક્ષાની આશા કોની પાસે રાખે? 'એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ' (ADR) અને 'નેશનલ ઈલેક્શન વોચ' દ્વારા દેશના તમામ ૩૧ વર્તમાન મુખ્યમંત્રીઓ (૨૮ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશો)ના ચૂંટણી એફિડેવિટના આધારે રજૂ કરવામાં આવેલા સત્તાવાર રિપોર્ટે ભારતીય રાજકારણનો કાળો ચહેરો ખુલ્લો પાડી દીધો છે.

ચૂંટણી સમયે ઉમેદવારોએ પોતે જમા કરાવેલા સોગંદનામાના પૃથક્કરણ બાદ સામે આવેલા આંકડા માત્ર ચોંકાવનારા નથી, પણ લોકશાહીના ભવિષ્ય સામે બહુ મોટો સવાલ ઊભો કરે છે.

આંકડાઓની ઝાટકી નાખતી વાસ્તવિકતા: ૪૫% સત્તાધીશો 'દાગી'!

૧૪ મુખ્યમંત્રીઓ સામે ગુનાહિત કેસો: દેશના ૩૧ માંથી ૧૪ મુખ્યમંત્રીઓ (૪૫%) એ પોતે સોગંદનામામાં સ્વીકાર્યું છે કે તેમની સામે વિવિધ અદાલતોમાં ક્રિમિનલ કેસો પેન્ડિંગ છે.

૧૧ મુખ્યમંત્રીઓ પર 'અતિ ગંભીર' ગુના: ૧૪ માંથી ૧૧ મુખ્યમંત્રીઓ (૩૫%) એવા છે જેમની સામે ૫ વર્ષ કે તેથી વધુ સજા થઈ શકે તેવા બિનજામીનપાત્ર અને ગંભીર ગુનાહિત કેસો નોંધાયેલા છે.

હત્યાના પ્રયાસ અને સત્રી અત્યાચારના આરોપો: બે મુખ્યમંત્રીઓ સામે 'હત્યાના પ્રયાસ' (Attempt to Murder) જેવી સંગ્રામી કલમો, જ્યારે અન્ય સત્તાધીશો સામે મહિલા અત્યાચાર, રમખાણો ભડકાવવા, અને કોમી વૈમનસ્ય ફેલાવવા જેવા ગંભીર આરોપો અદાલતના ચોપડે દર્જ છે.

કયું રાજ્ય ક્યાં ઊભું છે? કેસોની યાદીમાં 'ટોપ' પર કોણ?

ADR રિપોર્ટ મુજબ સૌથી વધુ નોંધાયેલા ગુનાહિત કેસોની યાદીમાં દક્ષિણ અને પૂર્વ ભારતના રાજ્યોના મુખ્યમંત્રીઓ મોખરે છે:

૧. તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડી (ટોપ પર): રેવંત રેડ્ડી આ યાદીમાં સૌથી વધુ કેસો ધરાવતા મુખ્યમંત્રી તરીકે સામે આવ્યા છે, જેમના નામે ૮૯ થી વધુ કાનૂની આરોપો/કેસો દાખલ છે.

૨. પશ્ચિમ બંગાળના વિપક્ષી/નેતાઓ અને અન્ય: પશ્ચિમ બંગાળ, કર્ણાટકના ડી.કે. શિવકુમાર (જેમના પર ૧૯ થી વધુ કેસો છે) અને ઝારખંડના હેમંત સોરેન જેવા નેતાઓ પણ ગંભીર કાનૂની લડાઈઓ લડી રહ્યા છે.

૩. ગંભીર ગુનાઓની શ્રેણી: લૂંટ, જાનથી મારી નાખવાની ધમકી (Criminal Intimidation), અને સરકારી કામકાજમાં અડચણ ઊભી કરવા જેવા કેસો આ રાજકારણીઓ સામે લટકી રહ્યા છે.

આ જ રિપોર્ટમાં અન્ય એક ચોંકાવનારો પર્દાફાશ એ પણ થયો છે કે દેશના મુખ્યમંત્રીઓની સરેરાશ સંપત્તિ ૧૧૮.૦૭ કરોડ છે! એક તરફ દેશનો સામાન્ય નાગરિક મોંઘવારી અને બેરોજગારીમાં પીસાઈ રહ્યો છે, તો બીજી તરફ આ દાગી નેતાઓ અબજોપતિ બનીને સત્તા ભોગવી રહ્યા છે.

નાણાબળ (Money Power) અને બાજુબળ (Muscle Power) નો આ સમન્વય એ વાતની સાબિતી છે કે પક્ષ ગમે તે હોય, સત્તાના શિખર સુધી પહોંચવા માટે કાયદાને ખિસ્સામાં રાખવાની મનોવૃત્તિ દિન-પ્રતિદિન વધતી જાય છે.

સુપ્રીમ કોર્ટે અગાઉ પણ અનેકવાર આદેશ આપ્યા છે કે રાજકીય પક્ષોએ પોતાના દાગી ઉમેદવારોનો ક્રિમિનલ રેકોર્ડ વર્તમાનપત્રો અને વેબસાઈટ પર જાહેર કરવો પડશે અને તેમને ટિકિટ આપવાનું કારણ પણ આપવું પડશે. છતાં પણ રાજકીય પક્ષો 'જીતી શકે તેવા ઉમેદવાર' (Winnability) ના નામે ગુનાહિત ભૂતકાળ ધરાવતા લોકોને જ ટિકિટો આપી રહ્યા છે.

#### પાક્કો ગુજરાતનો આકરો સવાલ:

જ્યારે રાજ્યના કાયદા ઘડનારા જ કાયદાના આરોપી હશે, તો પછી ભ્રષ્ટાચાર અને ગુનાખોરી નાબૂદ કરવાની વાતો માત્ર ચૂંટણી ભાષણો પૂરતી જ સીમિત રહી જશે? જનતાએ વોટ આપતા પહેલા વિચારી લેવાની જરૂર છે કે તેઓ પોતાના ભવિષ્યની લગામ કોના હાથમાં સોંપી રહ્યા છે!

## ગુજરાત ભાજપના નવા પ્રભારી તરીકે તરુણ ચૂગની નિમણૂક:ઉત્તર પ્રદેશમાં વિનોદ તાવડે અને પંજાબમાં ડૉ. સતીશ પૂનિયાને જવાબદારી સોંપાઇ

ગાંધીનગર

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નબીને ગુજરાત સહિત ત્રણ રાજ્યમાં નવા રાજ્ય પ્રભારીની નિમણૂક કરી છે. ગુજરાત ભાજપના નવા પ્રભારી તરીકે રાજ્યસભા સાંસદ અને ભાજપના નેશનલ હેડક્વાર્ટર ઈન-ચાર્જ તરુણ ચૂગને જવાબદારી સોંપવામાં આવી છે. આ નિમણૂક તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

આ સાથે જ ઉત્તર પ્રદેશના પ્રભારી તરીકે વિનોદ તાવડેની નિમણૂક કરવામાં આવી છે, જ્યારે જગદીશ ઈશ્વરભાઈ પટેલને ઉત્તર પ્રદેશના સહ-પ્રભારી બનાવવામાં આવ્યા છે. વિનોદ તાવડે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને રાજ્યસભા સાંસદ છે. બીજી તરફ, પંજાબના પ્રભારી તરીકે ડૉ. સતીશ પૂનિયાની નિમણૂક કરવામાં આવી છે. તેઓ પણ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને રાજ્યસભા સાંસદ છે.

ગુજરાત માટે તરુણ ચૂગની નિમણૂક મહત્વની માનવામાં આવી રહી છે. ચૂગ રાજ્યસભા સાંસદ હોવા ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય મુખ્યાલયના ઈન-ચાર્જ તરીકે પણ જવાબદારી સંભાળી રહ્યા છે. ભાજપે સ્પષ્ટ કર્યું છે કે, અન્ય રાજ્યોના પ્રભારીની નિમણૂક આગામી સમયમાં કરવામાં આવશે અને ત્યાં સુધી હાલની પ્રભારી વ્યવસ્થા યથાવત્ રહેશે. આ સાથે ગુજરાત ભાજપના સંગઠન અને આગામી રાજકીય કામગીરી માટે તરુણ ચૂગની નવી જવાબદારી મહત્વપૂર્ણ બની છે.

## યાત્રાધામ ડાકોરમાં નોનવેજની લારી-દુકાનો કાયમી બંધ કરાવવા માંગ: દંડી સ્વામી આશ્રમના મહંતનો વહીવટી તંત્રને પત્ર

ડાકોર/ખેડા

પ્રસિદ્ધ યાત્રાધામ અને રાજા રણછોડરાયજીની પવિત્ર ભૂમિ ડાકોરમાં માંસાહાર વેચતી લારીઓ અને દુકાનો કાયમી ધોરણે બંધ કરાવવા માટે ધાર્મિક સંસ્થાઓ અને સાધુ-સંતો દ્વારા અવાજ ઉઠાવવામાં આવ્યો છે. ડાકોર સ્થિત દંડી સ્વામી આશ્રમના મહંત શ્રી વિજયદાસજી મહારાજે વહીવટી તંત્રને પત્ર લખીને નોનવેજનું વેચાણ બંધ કરાવવા માટે ભારપૂર્વક રજૂઆત કરી છે.

ડાકોર દંડી સ્વામી આશ્રમના મહંત શ્રી વિજયદાસજી મહારાજે ઠાસરા પ્રાંત અધિકારી (SDM) ને એક વિનંતીભર્યો લેખિત પત્ર પાઠવ્યો છે. આ પત્રમાં તેમણે ડાકોર નગરમાં મુખ્ય માર્ગો અને મંદિર આસપાસ ચાલતી નોનવેજની લારીઓ તેમજ દુકાનોને કાયમી ધોરણે હટાવવા અથવા બંધ કરાવવાની કડક માંગ કરી છે.

પત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે: ધાર્મિક પવિત્રતા: ડાકોર એ સનાતન ધર્મનું અને વૈષ્ણવ સંપ્રદાયનું અતિ પવિત્ર યાત્રાધામ છે, જ્યાં દરરોજ અને ખાસ કરીને પૂનમના દિવસે દેશ-વિદેશથી લાખો ભક્તો દર્શનાર્થે આવે છે.

દર્શન માટે આવતા ભક્તો અને પદયાત્રીઓની નજર સામે જ નોનવેજની લારીઓ અને ખુલ્લામાં વેચાતું માંસ-મટન આવતાં તેમની ધાર્મિક ભાવના અને શ્રદ્ધાને ભારે ઠેસ પહોંચે છે.

કાયમી પ્રતિબંધની માંગ, યાત્રાધામની ગરિમા જળવાઈ રહે તે માટે સમગ્ર ડાકોર શહેરમાં અથવા મંદિરના નિશ્ચિત પરિસરમાં નોનવેજના વેચાણ પર સંપૂર્ણ અને કાયમી પ્રતિબંધ લાદવામાં આવે.

## સુરતમાં ઝેરી ખોરાકે લીધો 5 વર્ષની માસૂમનો જીવ: રેસ્ટોરન્ટમાંથી કાજુ-પનીર મંગાવી જમનાર પરિવાર પર ફૂડ પોઇઝનિંગનો કાળમુખો પંજો!

સુરત

સુરત શહેરના વરાછા વિસ્તારમાંથી ખાદ્ય સુરક્ષા અને રેસ્ટોરન્ટના ભોજનની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા કરતી અને હૃદયકંપાવી દે તેવી ઘટના સામે આવી છે. વરાછામાં રહેતા એક પરિવારે ૧૫ ઓગસ્ટના રોજ સ્વતંત્રતા પર્વની ઉજવણી દરમિયાન રાત્રે નજીકની જ જાણીતી 'શીતલ રેસ્ટોરન્ટ'માંથી કાજુ-પનીરનું પંજાબી શાક ઓર્ડર કરીને મંગાવ્યું હતું. પરંતુ પરિવારને ખબર નહોતી કે આનંદમાં મંગાવેલું આ ભોજન તેમના માટે કાળ બનીને આવશે. કાજુ-પનીરનું શાક જમ્યાના થોડા જ સમયમાં પરિવારના પાંચેય સભ્યોની તબિયત અચાનક લથડી હતી. તમામ સભ્યોને વારંવાર ઉલટી-ઉબકા અને અસહ્ય પેટમાં દુખાવો થતાં ગંભીર હાલતમાં ત્વરિત સદવિચાર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન જ ઝેરી ખોરાકની ગંભીર અસરના કારણે ૫ ઓગસ્ટની રાત્રે ૫ વર્ષની માસૂમ દીકરી આર્યાએ આ દુનિયામાંથી વિદાય લીધી હતી. ૫ વર્ષની બાળકીના કરુણ મોતથી સમગ્ર પરિવારમાં કાળો કલ્પાંત છવાઈ ગયો છે. હાલમાં માસૂમ આર્યાના માતા-પિતા અને પરિવારના અન્ય બે સભ્યો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

## પલસાણા અને તેરસાપરા ગામે પોલીસના દરોડા : કલોલ તાલુકામાં ચાલતા જુગારના અડ્ડાનો પર્દાફાશ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ અને જુગારની અસામાજિક પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા હાથ ધરાયેલા અભિયાન હેઠળ પોલીસે પલસાણા અને તેરસાપરા ગામમાં દરોડા પાડીને હાર-જીતનો જુગાર રમતા 16 શખ્સોને ઝડપી પાડ્યા છે. કલોલ તાલુકા પોલીસ મથકના પીઆઈ જે.જે. ગઢવીની સૂચનાથી હાથ ધરાયેલી આ કામગીરી દરમિયાન પોલીસે રોકડ રકમ અને મોબાઈલ ફોન મળીને કુલ રૂ. 1.45 લાખનો મુદ્દામાલ જપ્ત કરી તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રથમ દરોડામાં, પલસાણા ગામની સીમમાં તળાવ સામે આવેલ ખેતર નજીક ખરાબાની ખુલ્લી જગ્યામાંથી પોલીસે તીનપત્તીનો જુગાર રમતા દિલીપજી ઠાકોર, અશોકજી ઠાકોર, બાબુજી ઠાકોર, સુધીરભાઈ પટેલ સહિત કુલ 11 શખ્સોને રંગેહાથ ઝડપી લીધા હતા. તેમની પાસેથી રૂ. 54,600 રોકડા અને 7 મોબાઈલ ફોન મળીને કુલ રૂ. 1.34 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. બીજા બનાવમાં, કલોલ તાલુકા પોલીસની અન્ય એક ટીમે તેરસાપરા કૂવાની બાજુમાં આવેલા મેલડી માતાના મંદિર પાછળના ખરાબામાં દરોડો પાડ્યો હતો.

#### મોંઘવારીના દાવાનળ વચ્ચે જનતાના ખિસ્સા પર વધુ એક આકરો પ્રહાર

## ગુજરાત ગેસે CNGના ભાવમાં ઝીંક્યો 3.75નો તોતિંગ વધારો

ગાંધીનગર




પેટ્રોલિયમ પેદાશો, જીવનજરૂરી ચીજવસ્તુઓ અને ઘરગથ્થુ સમાનના વધતા દામથી પીડાતી સામાન્ય જનતા માટે વધુ એક માઠા સમાચાર સામે આવ્યા છે. કમરતોડ મોંઘવારી વચ્ચે પ્રજા પર ગુજરાત ગેસ કંપની દ્વારા ભાવવધારાનો નવો બોમ્બ ફોડવામાં આવ્યો છે. રાજ્યભરમાં CNG વાહનચાલકો પર એક જ દિવસમાં પ્રતિ કિલોએ રૂ. 3.75નો મસમોટો ભાવવધારો ઝીંકી દેવાતા વાહનચાલકો સહિત સામાન્ય નાગરિકોના બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયા છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ અને ગેસના ભાવમાં થયેલા ફેરફાર તેમજ પુરવઠાના વૈશ્વિક ગણિત બદલાવાને કારણે કંપની દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાઈ રહ્યું છે. જોકે, આ નિર્ણયની સીધી માઠ અસર ગુજરાતના લાખો વાહનચાલકો પર પડી છે. રૂ. 85.01 પ્રતિ કિલો નવો અમલી ભાવ: રૂ. 88.76 પ્રતિ કિલો એક જ ઝાટકે થયેલો વધારો: રૂ. 3.75 પ્રતિ કિલો પેટ્રોલ અને ડીઝલના આસમાને પહોંચેલા ભાવથી રાહત મેળવવા માટે મધ્યમ વર્ગ અને શ્રમજીવી વર્ગે ભારે વિનિયોગ કરીને પોતાના વાહનોમાં CNG કિટ નંSystem બનાવી હતી. પરંતુ હવે સી-એન-જી પણ મોંઘુદાટ બની જતાં વાહનચાલકો માટે ઈંધણનો ખર્ચ પહોંચાડવો મુશ્કેલ બની રહ્યો છે. આ તોતિંગ ભાવવધારાને પગલે સૌથી વધુ અસર દૈનિક રોજીરોટી કમાતા ઓટો રિક્ષાચાલકો, કેબ ઓપરેટરો અને નાના વેપારીઓ પર પડી છે. એક તરફ ભાડામાં વધારો કરવો મુશ્કેલ છે અને બીજી તરફ ઈંધણનો ખર્ચ વધી રહ્યો છે, જેના કારણે તેમની રોજીરોટી પર સીધો ફટકો પડ્યો છે. અચાનક કરાયેલા આ વધારાથી પબ્લિક ટ્રાન્સપોર્ટ અને માલસામાન હેરફેર પણ મોંઘી થવાની પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે, જે આડકતરી રીતે ફરી સામાન્ય નાગરિકો પર જ મોંઘવારીનો નવો બોજ લાવશે.

#### સરકારી દફતરોમાં કેટલો કરાયો 'કાળો કારોબાર

## એન્ટી કરપ્શન બ્યુરોના સત્તાવાર પોર્ટલ અને ડેટાથી સરકારી બાબુઓ પદાફાશ

અમદાવાદ

સરકારી કચેરીઓમાં ચાલતી લાંચરૂશ્વત અને ભ્રષ્ટાચાર સામે જનતામાં અવારનવાર આક્રોશ જોવા મળે છે. પરંતુ સરકારી દફતરોમાં કયા વિભાગમાં કેટલો 'કાળો કારોબાર' થયો છે અને કયા બાબુઓ લાંચ લેતા રંગેહાથ ઝડપાયા છે, તેનો આખો સત્તાવાર દસ્તાવેજ હવે એક જ ક્લિક પર ઉપલબ્ધ થયો છે. ગુજરાત પોલીસના એન્ટી કરપ્શન બ્યુરો (ACB) ની સત્તાવાર વેબસાઈટ (acb.gujarat.gov.in) પર જાહેર કરવામાં આવેલા વિગતો અને આંકડાઓએ ભ્રષ્ટ અધિકારીઓમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. એસીબીના આ ડિજિટલ પોર્ટલ અને માસિક રિપોર્ટ્સ દ્વારા રાજ્યના કોઈપણ નાગરિક હવે સરકારી કચેરીઓના કાળા કારનામાઓ જોઈ શકે છે: કયા જિલ્લામાં, કયા વિભાગના (મહેસૂલ, પંચાયત, પોલીસ કે ગૃહ) અધિકારી કે કર્મચારી કયા કામ માટે કેટલી લાંચ લેતા ઝડપાયા તેની સંપૂર્ણ તારીખ અને વિગતો. આવક કરતાં વધુ સંપત્તિ (Disproportionate Assets) ધરાવતા ઉચ્ચ અધિકારીઓ સામે નોંધાયેલા ગુનાઓ અને તેમની જપ્ત કરાયેલી મિલકતોની માહિતી. કયા સરકારી વિભાગમાં સૌથી વધુ એસીબી ટ્રેપ થઈ અને કયા વર્ગના (Class-1, 2, કે 3) કર્મચારીઓ સૌથી વધુ ભ્રષ્ટાચારમાં લિપ્ત છે.

#### ગાંધીનગરમાં યુવરાજસિંહ જાડેજાનો ધડાકો

## ST અનામતમાં બોગસ પ્રમાણપત્રોનું કરોડોનું કૌભાંડ ખુલ્લું પાડ્યું!

ગાંધીનગર

રાજ્યમાં નકલી કૌભાંડોની વણઝાર વચ્ચે આજે પાટનગર ગાંધીનગરના અખબાર ભવન ખાતે એક મહા-ધડાકો થયો છે. વિદ્યાર્થી નેતા અને સામાજિક કાર્યકર યુવરાજસિંહ જાડેજાએ એક સનસનાટીભરી પત્રકાર પરિષદ યોજીને અનુસૂચિત જનજાતિ (ST) ના અનામતના અધિકારો પર તરાપ મારતા એક ભયાનક અને સુનિયોજિત નકલી પ્રમાણપત્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. સત્તાવાર સરકારી દસ્તાવેજો અને આરટીઆઈ (RTI) થી મેળવેલા નક્કર તથ્યો રજૂ કરીને તેમણે સરકારી કચેરીઓમાં ચાલતી મોટી મિલિભગતને ઉઘાડી પાડી છે.

યુવરાજસિંહ જાડેજાએ મીડિયા સમક્ષ પુરાવાઓ રજૂ કરતા જણાવ્યું હતું કે, સરકારી રેકોર્ડમાં કોઈ પણ પ્રકારની નોંધણી કે એન્ટ્રી વિનાના હસ્તલિખિત બોગસ પ્રમાણપત્રોના આધારે ગેરકાયદેસર રીતે ST કેટેગરીના લાભો મેળવવામાં આવ્યા છે. વન વિભાગના બિન-અસ્તિત્વ ધરાવતા (નકલી) સહી-સિક્કાઓનો ઉપયોગ કરીને બનાવટી કાગળો ઊભા કરાયા છે. એટલું જ નહીં, મૂળ રેવન્યુ ગામના વતની હોવા છતાં જંગલ નેસમાં રહેતા હોવાના તદ્દન બોગસ દાખલાઓ બનાવીને આદિવાસી સમાજના બંધારણીય અધિકારો પર ખુલ્લેઆમ ડાકા નાખવામાં આવ્યા છે.

આ કૌભાંડમાં સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પષ્ટ ચુકાદાઓ અને આદેશો હોવા છતાં તેને કોરાણે મૂકી દેવામાં આવ્યા છે. તપાસ માટે જવાબદાર વિશ્લેષણ સમિતિ દ્વારા જ નિયમો વિરુદ્ધ જઈને ગેરરીતિ આચરનારાઓને છાવરવામાં આવ્યા હોવાના સત્તાવાર દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા છે.

યુવરાજસિંહ જાડેજાએ ઉમેર્યું હતું કે, આ કૌભાંડ માત્ર સરકારી નોકરીઓ કે શિષ્યવૃત્તિ પૂરતું મર્યાદિત નથી પરંતુ તે આદિવાસી સમાજના અસ્તિત્વ અને બંધારણીય રક્ષણ સામે બહુ મોટું કાવતરું છે. તેમણે માંગ કરી છે કે આ બોગસ પ્રમાણપત્રોના આધારે સરકારી લાભો મેળવનારા તમામ અસામાજિક તત્વો અને તેમને મદદ કરનારા ભ્રષ્ટ અધિકારીઓ સામે ત્વરિત કડકમાં કડક ફોજદારી કાર્યવાહી કરવામાં આવે. આ સનસનાટીભર્યા ખુલાસા બાદ રાજ્યના રાજકારણ અને પ્રશાસનમાં ભારે ખળભળાટ મચી ગયો છે.


#### ઉમેદવારોની ચાર મુખ્ય માગણી

## 11 હજાર વિદ્યાસહાયક ભરતીમાં OBCને 27% અનામત આપવાની માગ

### અગાઉની ભરતીમાં વંચિત રહેલા લાયક OBC ઉમેદવારોને નિયમ મુજબ ન્યાય મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવાની પણ રજૂઆત કરાઈ

ગાંધીનગર

ધોરણ 1થી 5ની વિદ્યાસહાયક ભરતીમાં OBC (SEBC) ઉમેદવારોને બંધારણીય જોગવાઈ મુજબ સંપૂર્ણ 27% અનામતનો લાભ આપવા તેમજ ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા રજૂઆત કરવામાં આવી છે. તા. 18 જૂન, 2026ના રોજ કરવામાં આવેલી રજૂઆતમાં હાલની 11,000 વિદ્યાસહાયક ભરતીમાં OBC ઉમેદવારોના હક અને અગાઉની ભરતીમાં વંચિત રહેલા લાયક ઉમેદવારોના પ્રશ્નો અંગે તાત્કાલિક ન્યાયસંગત કાર્યવાહી કરવાની માગ કરાઈ છે.




રજૂઆતમાં જણાવાયું છે કે 11,000 વિદ્યાસહાયકની હાલની ભરતીમાં OBC માટે 27% અનામત મુજબની બેઠકો સ્પષ્ટ રીતે જાહેર કરવામાં આવે અને જો એક પણ બેઠક ઓછી ન પડે તે રીતે યોગ્ય પ્રમાણમાં બેઠકો ફાળવવામાં આવે. સાથે જ જિલ્લા આધારિત રોસ્ટર રજિસ્ટર, કેટેગરીવાર જગ્યાઓ અને પસંદગી મેરિટની વિગતો જાહેર કરવાની માગ કરવામાં આવી છે. ઉમેદવારોનું કહેવું છે કે અગાઉની ભરતીમાં રોસ્ટર, ઓછી જગ્યાઓ અથવા પ્રક્રિયાગત ખામીઓને કારણે કેટલાક લાયક OBC ઉમેદવારો વંચિત રહ્યા હોય તો તેમના કેસની યોગ્ય રીતે સમીક્ષા કરવામાં આવે. અગાઉની ભરતીમાં વંચિત રહેલા લાયક OBC ઉમેદવારોને નિયમ મુજબ ન્યાય મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવાની પણ રજૂઆત કરાઈ છે. રજૂઆતમાં વધુમાં માગ કરાઈ છે કે કોઈ રોસ્ટર ખામી હોય તો વર્તમાન ભરતી પૂર્ણ થાય તે પહેલાં તેનો કાયદેસર અને પારદર્શક નિકાલ કરવામાં આવે. ઉમેદવારોએ જિલ્લા પ્રમાણે રોસ્ટર રજિસ્ટરની ચકાસણી, કેટેગરીવાર જગ્યાઓ તથા મેરિટ સંબંધિત વિગતો જાહેર કરવાની માગ કરી છે.

## ચીન, પાકિસ્તાન અને ભારતનું સિંડિકેટ ભાંગ્યું: અમદાવાદ સાયબર ક્રાઇમે પશ્ચિમ બંગાળથી 'બોસ સ્કેમ'ના મુખ્ય સાગરીતોને દબોચ્યા!

### 4,500 ડમી સિમકાર્ડ અને 21,000 OTP વેચી 23.50 લાખ ખંખેરનાર બે ભેજાબાજ પકડાયા: પાકિસ્તાનના ઇસ્લામાબાદથી ચાલતું કોલ સેન્ટર અને હોંગકોંગથી બનતો માલવેર!

અમદાવાદ

અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા ભયાનક અને સુનિયોજિત 'બોસ સ્કેમ' (Boss Scam) નો ધડાકાભેર પર્દાફાશ કરીને પશ્ચિમ બંગાળથી બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે. ચીન, પાકિસ્તાન અને ભારત સાથે સંકળાયેલા આ આંતરરાષ્ટ્રીય સાયબર રેકેટમાં સામેલ આરોપીઓ ભારતમાંથી ડમી સિમકાર્ડ અને ઓટીપી (OTP) સપ્લાય કરીને વિદેશી સાયબર માફિયાઓને મદદગારી કરતા હતા.

અમદાવાદ સાયબર ક્રાઈમની ટીમે બાતમી અને ટેકનિકલ એનાલિસિસના આધારે પશ્ચિમ બંગાળ ખાતે દરોડો પાડીને ઈમરાન અલી પિયાદા અને ઈંજામુલ મોલ્લા નામના બે શક્તિશાળી સાયબર ઠગોને દબોચી લીધા છે.

આરોપી ઈમરાન અલી એક જાણીતી ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર કંપનીમાં 'પોઈન્ટ ઓફ સેલ' (POS) તરીકે કામ કરતો હતો. તે પોતાની દુકાને સિમકાર્ડ ખરીદવા આવતા નિર્દોષ ગ્રાહકોના અંગત ડેટા અને બાયોમેટ્રિક્સની ચોરી કરતો હતો. એક જ ગ્રાહકના ડેટાનો ઉપયોગ કરીને તે અન્ય બોગસ અને ડમી સિમકાર્ડ એક્ટિવ કરી લેતો હતો. તેણે અત્યાર સુધીમાં આશરે ૪,૫૦૦ જેટલા ડમી સિમકાર્ડ એક્ટિવ કર્યા હોવાનું સામે આવ્યું છે.

ઈમરાન અલી એક્ટિવેટ કરેલા ડમી સિમકાર્ડના ઓનલાઈન પ્લેટફોર્મ પર ઓટીપી (OTP) અને વોટ્સએપ એક્ટિવેશન વેચવાનો કાળો કારોબાર ચલાવતો હતો: એક OTP નો ભાવ: ૧૦૦ લેખે કુલ ૨૧,૦૦૦ OTP વેચ્યા. વોટ્સએપ એક્ટિવેશન: ડમી નંબર પર વોટ્સએપ શરૂ કરાવવાના ૨૫૦ વસૂલતો હતો. કુલ કમાણી: માત્ર OTP અને સિમ વેચીને તેણે ૨૩.૫૦ લાખ રળી લીધા હતા. બીજો આરોપી ઈંજામુલ મોલ્લા સીધો પાકિસ્તાન અને હોંગકોંગના આંતરરાષ્ટ્રીય સાયબર ઠગોના સંપર્કમાં હતો. સાયબર ઠગાઈ કરવા માટે પાકિસ્તાનના ઈસ્લામાબાદમાંથી વિશાળ કોલ સેન્ટર ચલાવવામાં આવતું હતું.

પાક્કો ગુજરાત

બુધવાર | 19 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### રાજ્ય સરકારનો ઐતિહાસિક નિર્ણય

# પંચાયત તલાટી અને મહેસૂલી તલાટીનો નવો જોબચાર્ટ જાહેર : ગ્રામીણ વહીવટમાં સચોટ સ્પષ્ટતા આવશે

## કામગીરી અને કાર્યક્ષેત્રની રેખાઓ સ્પષ્ટ કરાઈ: કુદરતી આપત્તિઓ સમયે બંને કેડર વચ્ચે સંકલન રહેશે, VCE પણ મહેસૂલી તલાટીને મદદ કરી શકશે

ગાંધીનગર

ગુજરાત સરકારે ગ્રામીણ વહીવટને વધુ સુવ્યવસ્થિત અને પારદર્શી બનાવવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. લાંબા સમયની માંગણીઓ અને સતત પ્રયાસો બાદ પંચાયત તલાટી-કમ-મંત્રી અને મહેસૂલી તલાટી વચ્ચેની કામગીરીની ખેંચતાણનો અંત લાવતા બંને કેડર માટે સ્પષ્ટ 'જોબચાર્ટ' જાહેર કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી બંને કેડરના અધિકારીઓની મૂળ ભૂમિકા, જવાબદારીઓ અને કાર્યક્ષેત્ર એકદમ સ્પષ્ટ થઈ જશે, જેનાથી ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોના અટકેલા કામો ઝડપથી ઉકેલાશે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને




ગ્રામ વિકાસ વિભાગના નવ નિર્ધારિત જોબચાર્ટ મુજબ પંચાયત તલાટી ગ્રામ પંચાયત સચિવ તરીકેની તમામ કામગીરી સંભાળશે. કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી તથા વ્યક્તિગત યોજનાઓનું ગ્રામ્ય કક્ષાએ અમલીકરણ. PM-KISAN, PM-VISHWAKARMA, ઈ-ગ્રામ અને ઈ-નિર્માણ કાર્ડ સંબંધિત તમામ પ્રક્રિયા. વિવિધ સરકારી પ્રમાણપત્રો આપવા, આંગણવાડી, પ્રાથમિક શિક્ષણ, સ્થાનિક આરોગ્ય અને સ્વચ્છતાની દેખરેખ. ગામમાં પીવાના પાણીનો પુરવઠો, વૃક્ષારોપણ, ગ્રામતળના પ્લોટ, પંચાયત હસ્તકની જમીન અને જાહેર મિલકતોની જાળવણી. ગ્રામસભાનું આયોજન, પંચાયતની વિવિધ સમિતિઓની બેઠકો અને દબાણ હટાવવાની કામગીરી. મહેસૂલ વિભાગ દ્વારા નક્કી કરાયેલા જોબચાર્ટ મુજબ મહેસૂલી તલાટી માત્ર અને માત્ર જમીન અને મહેસૂલી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરશે. જમીન મહેસૂલની વસૂલાત, બાકી લેણાંની ઉઘરાણી, જમીન સંપાદન, હકોની ચકાસણી અને સુધારણા. અશાંત ધારો, હિજરતી મિલકત, સરકારી જમીનોના સર્વે અને PM-સ્વામિત્વ યોજના હેઠળની કામગીરી. પાક કાપણી પ્રયોગો (Crop Cutting Experiments), ફાર્મર રજિસ્ટ્રેશન અને પાક વીમા અંગેની પ્રક્રિયા. સરકારી જમીનો પર થતા દબાણોની તપાસ અને મહેસૂલી અધિકારીઓ દ્વારા સોંપાતી ચોક્કસ કામગીરી.

# સેક્ટર-16માં ડોલી પાન પાર્લરમાં દારૂ વેચાણનો વેપલો : 117 નંગ બિયર-દારૂની બોટલ મળી

ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર 16ના ડૉલી પાન પાર્લરની આડમાં નશાના શોખીનોને ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરનો જથ્થો પણ વેચવામાં આવતો હતો. જેની બાતમી મળતા જ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડી બુટલેગરને 25 હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર LCBના પીઆઈ ડી.બી.વાળાની ટીમ સેક્ટર 21 પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે સેક્ટર 16માં ડૉલી પાન પાર્લર ચલાવતો મોઈનખાન મયુદ્દીન મોગલ તેના પાર્લરમાં પાન મસાલા સાથે નશાના શોખીનોને વિદેશી દારૂનું પણ છૂટક વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે પાર્લર પર દરોડો પાડતા 26 વર્ષીય મોઈનખાન મયુદ્દીન મોગલ (રહે. 2/17, સેક્ટર 25 GIDC, બે માળીયા મકાન) હાજર મળી આવ્યો હતો. બાદમાં પોલીસે પાર્લરમાં તપાસ કરતા એક લાકડાના મોટા કબાટમાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની સીલબંધ પ્લાસ્ટિકની બોટલો તથા બિયરના ટીન મળી આવ્યા હતા. જેની ગણતરી કરતા 16 હજાર 280ની કિંમતની 88 નંગ દારૂની પ્લાસ્ટિકની બોટલ તેમજ 4 હજારની કિંમતના 29 બિયરના ટીન મળીને 20,370નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેના પગલે પોલીસે દારૂ અને મોબાઈલ મળીને 25 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર મોઈનખાનની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શિક્ષણ અને સંસ્કારનો સાચા અર્થમાં સંગમ: ઝાલાવાડી સાઈ સુથાર જ્ઞાતિ મંડળ નવા બજાર, વડોદરા નો ભવ્ય વિદ્યાર્થી સન્માન સમારંભ

વડોદરા

શ્રી ઝાલાવાડી સાઈ-સુથાર જ્ઞાતિ મંડળ, નવાબજાર, વડોદરા (સ્થાપના ૧૯૪૨-૪૩) દ્વારા જ્ઞાતિના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા માટે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ તા. ૧૬ ઓગસ્ટ ૨૦૨૬, રવિવારના રોજ બપોરે ૩:૩૦ કલાકે સરદાર કમ્યુનિટી એ.સી. હોલ, સરદાર એસ્ટેટ, આજવા રોડ, વડોદરા ખાતે ભવ્ય વિદ્યાર્થી પ્રોત્સાહન સન્માન સમારંભનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો શુભારંભ મંડળના આજીવન દાતા અને ઉદ્દઘાટક શ્રી વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ ગોહેલ (મોરબી)ના ટ્રસ્ટી તથા અમદાવાદના મુખ્ય અતિથિ શ્રી જે.બી. સોલંકી સાહેબના દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંચ પર ઉપસ્થિત તમામ આમંત્રિત મોંઘેરા




મહેમાનોનું મંડળના સભ્યો દ્વારા પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને ભાવભીનું બહુમાન કરવામાં આવ્યું હતું.

શિક્ષણના શિખરો સર કરી સમાજ અને પરિવારનું ગૌરવ વધારનારા વિદ્યાર્થીઓને બિરદાવવા એ આ સમારંભનો મુખ્ય વિષય હતો. સમારંભમાં પધારેલા મહાનુભાવોએ વિદ્યાર્થીઓના પરિશ્રમની સરાહના કરી હતી અને તેમને સફળતાના શિખરો સર કરવા માટે પ્રેરણા આપી હતી.

### માત્ર 3 મહિનામાં જ ગંદા પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટમાં તિરાડો

# મોટા ફોફળિયા ગામે બેઝ સ્ટ્રક્ચરમાં તિરાડો પડતાં પ્લાન્ટ બંધ; રૂ.16 લાખનો ખર્ચ પાણીમાં

સાધલી, હસમુખ પટેલ

મોટા ફોકડીયા ગામે ચોથ ની ભાગોળ વિસ્તારમાં પ્રવાહી કચરાના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન માટે બનાવવામાં આવેલ ગંદા પાણીનો શુદ્ધિકરણ પ્લાન્ટ (UDMSR પ્લાન્ટ) ના બેઝ સ્ટ્રક્ચરમાં થોડા જ મહિનામાં તિરાડો પડવા તથા માળખાનો ભાગ બેસી જવાની સ્થિતિ સર્જાતા લાખો રૂપિયાના જાહેર નાણાંથી તૈયાર કરાયેલ પ્રોજેક્ટ ટૂંકા ગાળામાં બંધ સ્થિતિમાં પહોંચતા કામગીરીની ગુણવત્તા અને સરકારી નાણાંના યોગ્ય ઉપયોગ અંગે અને આ કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાનું ગ્રામજનોમાં આક્ષેપ સાથે શંકાઓ ઉભી થયેલી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શિનોર તાલુકાના મોટા ફોફળિયા ગામે ગંદા પાણીનો શુદ્ધિકરણ પ્લાન્ટ (UDMSR પ્લાન્ટ) માટે જરૂરી બેઝ,



ટાંકી, ફેન્સિંગ સહિતની સિવિલ કામગીરી વર્ષ 2024-25 દરમિયાન 15મા નાણાપંચની ગ્રામ્ય કક્ષાની ગ્રાન્ટમાંથી રૂ. 3,68,000ના ખર્ચે કરવામાં આવી હતી. જ્યારે સ્વચ્છ ભારત મિશન હેઠળ આશરે રૂ. 12,40,000ના ખર્ચની કામગીરી કરવામાં આવેલ .આમ, સમગ્ર યોજના પાછળ રૂ. 16 લાખથી વધુની રકમનો ખર્ચ થયેલ હોવાનું સામે આવે છે.આ કામગીરી માટે અમદાવાદની એરોસા કંપની એજન્સી તરીકે કાર્યરત હોવાનું તથા ટેન્ડર પ્રક્રિયા જિલ્લા પંચાયત, વડોદરા મારફતે કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. તા. 31-03-2026 બાદ પ્લાન્ટની જાળવણી અને નિભાવણી સહિતની જવાબદારી ગ્રામ પંચાયતની હોવાનુ જાણવા મળે છે.

મળતી વિગતો પ્રમાણે આ યોજના ફેબ્રુઆરી-2026 દરમિયાન કાર્યાન્વિત કરવામાં આવી હતી. પરંતુ પ્લાન્ટ કાર્યરત થયાના આશરે ત્રણેક મહિનાના ટૂંકા ગાળામાં જ પ્લાન્ટ ઊભો કરવા માટેના સ્ટ્રક્ચરમાં તિરાડો પડવા તથા તેનો ભાગ બેસી જવાની સ્થિતિ સર્જાયેલી છે. પરિણામે ઉપર સ્થાપિત પ્લાન્ટ કામ કરતો બંધ થઈ ગંદુ પાણી લીકેજ જ થઈ ગંદકી થવા લાગતા પ્લાન્ટની સાધનસામગ્રી ઉતારી લેવામાં આવેલ છે.અને હાલ યોજના બંધ થઈ ગઈ છે.

# ડભોઇમાં મોતની છલાંગ! નાંદોદી ભાગોળ પાસે બાઇક કેનાલમાં ખાબકી: પોલીસની સમય સૂચકતાએ યુવકનો જીવ બચાવ્યો

ડભોઇ

ડભોઈ શહેરના નાંદોદી ભાગોળ વિસ્તારમાં આવેલી ચોતરિયા પીર દરગાહ નજીક આજે એક રુવાડા ઉભા કરી દે તેવી ભયાનક અકસ્માતની ઘટના સામે આવી છે. એક અજાણ્યો બાઈક સવાર યુવક ફુલ સ્પીડમાં પસાર થઈ રહ્યો હતો, ત્યારે અચાનક સ્ટેયરીંગ પરથી કાબૂ ગુમાવતાં બાઈક સીધી નર્મદા કેનાલમાં ખાબકી હતી.




અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક નીચે પટકાતા જ મોટો ધડાકો થયો હતો, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સદનસીબે જે સમયે આ ઘટના બની ત્યારે નર્મદા કેનાલમાં પાણી ન હતું. જો કેનાલમાં પાણી હોત તો યુવક ડૂબી જવાથી તુરંત મોતને ભેટ્યો હોત. કેનાલ ખાલી હોવાથી યુવકનો ડૂબવાથી આબાદ બચાવ થયો હતો, પરંતુ ઊંચાઈ પરથી કેનાલના સિમેન્ટના પટારા પર પટકાવાને કારણે યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તે રક્તરંજિત હાલતમાં ત્યાં જ તરફડિયા મારી રહ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ ડભોઈ પોલીસ કાફલો કોઈ પણ વિલંબ કર્યા વગર ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો.

# DCP નકુમનો બચાવ કરનાર ભાજપ નેતા સામે વકીલોએ મોરચો માંડ્યો

## એસોસિએશનના પ્રમુખે કહ્યું, 'મુકેશ ગુજરાતીમાં HCના પટાવાળા જેટલી પણ લાયકાત નથી!'

સુરત

સુરતમાં ડીસીપી રાજદીપસિંહ નકુમ અને વકીલ આસિફ મુલતાની વચ્ચે થયેલા વિવાદે હવે અત્યંત ઉગ્ર રાજકીય અને કાનૂની સ્વરૂપ ધારણ કરી લીધું છે. વકીલ સાથે થયેલી કથિત ગેરવર્તણૂક અને મારપીટના મામલે વિવાદોમાં આવેલા DCP નકુમના ખુલ્લા સમર્થનમાં ઉતરેલા ભાજપ નેતા મુકેશ ગુજરાતી સામે હવે સમગ્ર વકીલ આલમે મોરચો માંડી દીધો છે. સુરત બાર એસોસિએશન અને વકીલ આગેવાનોએ ભાજપ નેતા સામે સખત શબ્દોમાં આક્રોશ વ્યક્ત કરીને તેમને હોદ્દા પરથી દૂર કરવાની માંગ કરી છે.

બાર એસોસિએશનના પ્રમુખ અને વકીલ મંડળના આગેવાનોએ મીડિયા સમક્ષ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, 'જે ભાજપ નેતા મુકેશ ગુજરાતી પોલીસ અધિકારીના કાળાઓ કારનામા પર પડદો પાડવા અને તેમનો બચાવ કરવા મેદાનમાં આવ્યા છે, તેમનામાં હાઈકોર્ટના એક પટાવાળા તરીકે કામ કરવાની પણ યોગ્યતા કે લાયકાત નથી!'

વકીલોએ આરોપ લગાવ્યો હતો કે, કોઈ પણ પ્રકારના કાયદાકીય જ્ઞાન વગર માત્ર ચાપલૂસી કરવા માટે આવા નેતાઓ કાયદાનું પાલન કરાવનારા વકીલો અને સામાન્ય જનતાના હકો પર તરાપ મારી રહ્યા છે.

સુરતમાં વકીલ પર થયેલા અત્યાચારના વિરોધમાં સમગ્ર ગુજરાતના કાનૂની વર્તુળોમાં ભારે રોષની લાગણી ફેલાયેલી છે.

વકીલોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો ડીસીપી રાજદીપસિંહ નકુમ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં નહીં આવે અને કાયદાનો અનાદર કરનાર ભાજપ નેતા મુકેશ ગુજરાતીને સંગઠન કે તેમના પદ પરથી હટાવવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં સમગ્ર રાજ્યમાં વકીલો દ્વારા કામકાજ ઠપ કરી ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

પોલીસ અને સત્તાધારી પક્ષના નેતા વચ્ચેની આ કથિત મિલીભગત સામે વકીલોના આક્રમક વલણને કારણે સુરત પ્રશાસન અને રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

# જામનગરમાં ડો. પ્રવીણ તોગડિયાની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની મહત્ત્વની સંગઠન બેઠક

જામનગર

જામનગર શહેર ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ (AHP) ના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. પ્રવીણ તોગડિયાની વિશેષ ઉપસ્થિતિમાં એક મહત્ત્વપૂર્ણ અને ભવ્ય જિલ્લા સંગઠન બેઠક યોજાઈ ગઈ હતી. આ બેઠકમાં હિન્દુ સમાજની એકતા, સુરક્ષા અને સેવાકીય પ્રવૃત્તિઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળના આગામી વિઝન અને કાર્યક્રમોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન ડો. પ્રવીણ તોગડિયાએ સંગઠનાત્મક માળખાને વધુ સુદ્રઢ બનાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે જાહેરાત કરી હતી કે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા દેશભરમાં ૨૫ લાખથી વધુ પરિવાર સુધી સીધો સંપર્ક અભિયાન ચલાવવામાં આવશે. આ સાથે હિન્દુ યુવાનોમાં સંસ્કાર, સંગઠન અને ભક્તિભાવ દ્રઢ કરવાના હેતુથી દેશભરમાં ૧ લાખ નવા 'હનુમાન ચાલીસા કેન્દ્રો' શરૂ કરવાનો પણ મક્કમ સંકલ્પ લેવામાં આવ્યો છે. જામનગર ખાતે યોજાયેલી આ બેઠકમાં સ્થાનિક હોદ્દેદારો, રાષ્ટ્રીય બજરંગ દળના કાર્યકરો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### એશિયાની સૌથી મોટી શુગર મિલમાં કિસાન પરિવર્તન પેનલનો ભવ્ય વિજય

# બારડોલી શુગર ફેક્ટરીની ચૂંટણીમાં ધડાકો: પૂર્વ મંત્રી અને ભાજપના ધારાસભ્ય ઈશ્વર પરમારની કારમી હાર!

- **બારડોલી બાદ કરજણ APMCમાં પણ હારના ડરથી ચૂંટણી મોકૂફ રખાઈ હોવાનો આક્ષેપ, સત્તાધારી પક્ષમાં ભયનો માહોલ!**

બારડોલી/વડોદરા

દ. ગુજરાત અને સમગ્ર રાજ્યના સહકારી રાજકારણમાં આજે ભૂકંપ આવી ગયો છે. એશિયાની સૌથી મોટી ગણાતી બારડોલી શુગર ફેક્ટરીની હાઈવોલ્ટેજ ચૂંટણીમાં મોટો મોટો રાજકીય ધડાકો થયો છે. ભાજપના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી ઈશ્વર પરમારની આગેવાની વાળી 'સહકાર પેનલ'નો શરમજનક પરાજય થયો છે, જ્યારે ખેડૂતો અને સભાસદોના સમર્થનથી ચૂંટણી લડેલી 'કિસાન પરિવર્તન પેનલ'નો ઐતિહાસિક વિજય થયો છે. સભાસદોએ પોતાના સ્પષ્ટ જનાદેશથી સત્તાધારી પક્ષના અહંકાર અને મનસ્વી વહીવટ સામે પરિવર્તનનો મજબૂત સંદેશો આપ્યો છે. બારડોલી શુગર ફેક્ટરીના હજારો સભાસદો અને ખેડૂત મતદારોએ આ વખતે નેતાઓની મોટી મોટી વાતોને બદલે પોતાના હિતોને પ્રાધાન્ય આપ્યું છે. લાંબા સમયથી ચાલી રહેલા અસંતોષ અને ખેડૂતોના પ્રશ્નોની ઉપેક્ષા સામે ખેડૂતોએ મતાધિકારથી જવાબ આપ્યો છે. ભાજપના સીટિંગ ધારાસભ્ય ઈશ્વર પરમાર અને તેમની પેનલના તમામ દિગ્ગજોને હારનો સ્વાદ ચાખવો પડ્યો છે. કિસાન પરિવર્તન પેનલના ઉમેદવારોની શાનદાર જીતથી સત્તાધારી ખેમામાં ભારે ફફડાટ અને સોપો પડી ગયો છે. બારડોલી શુગર ફેક્ટરીમાં થયેલી કારમી હારના પડઘા હવે વડોદરા જિલ્લાના કરજણ સુધી પહોંચ્યા છે. કરજણ ખેતી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) ની ચૂંટણીમાં પણ સત્તાધારી પક્ષની સત્તા છીનવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. સુત્રો અને વિપક્ષી નેતાઓના જણાવ્યા અનુસાર, કરજણના ધારાસભ્ય અક્ષય પટેલની પેનલના ઉમેદવાર જયદીપ ચૌહાણ સહિતના ભાજપ પ્રેરિત ઉમેદવારોની હારનો ડર સતાવી રહ્યો હતો. બારડોલી જેવા પરિણામો કરજણમાં ન આવે અને પાર્ટીના મેન્ડેટ વિરુદ્ધ મતદાન (ક્રોસ વોટિંગ) થવાની બીકે ભાજપના વડોદરા જિલ્લા પ્રભારી અને સ્થાનિક નેતાગીરી દ્વારા કરજણ APMCની ચૂંટણી મોકૂફ રખાવવાની પેરવી કરવામાં આવી હોવાના ચોંકાવનારા આરોપો લાગી રહ્યા છે.

# વસેડી શાળાના ખાડાએ તંત્રની કામગીરી પર ઉઠાવ્યા સવાલ, સરપંચે ભરાવ્યો જોખમી ખાડો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના વસેડી ગામમાંથી તંત્રની કામગીરી સામે સવાલો ઉભા કરતો કિસ્સો સામે આવ્યો છે. વસેડી પ્રાથમિક શાળાની આગળ છેલ્લા છ મહિનાથી મહાકાય અને જોખમી ખાડો પડેલો હતો. આ જ માર્ગ પરથી ધોરણ 1થી 5ના માસૂમ બાળકો દરરોજ શાળાએ આવતા હોવાથી અકસ્માતનો સતત ભય ઉભો થયો હતો. છ મહિના સુધી ખાડો યથાવત રહેવા છતાં સંબંધિત તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હોવાના આક્ષેપો વચ્ચે આખરે ગામના



સરપંચે પોતાની જવાબદારી સમજીને ખાડો પુરાવવાની કામગીરી હાથ ધરી હતી. સરપંચની કામગીરીથી શાળાએ આવતા બાળકો અને વાલીઓને મોટી રાહત મળી છે. જોકે, આ કામગીરી બાદ હવે માર્ગ અને મકાન વિભાગ (R&B)ની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. શાળાની આસપાસ બાળકોની સુરક્ષા માટે પાકી પ્રોટેક્શન દિવાલ બનાવવાની ગ્રામજનો દ્વારા માંગ કરવામાં આવી છે. ગ્રામજનોનું કહેવું છે કે શાળાની આસપાસ સુરક્ષિત વ્યવસ્થા ઊભી કરવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ બાળક અકસ્માતનો ભોગ ન બને. તંત્ર દ્વારા અકસ્માત સર્જાયા બાદ કાર્યવાહી કરવાની રાહ જોવાને બદલે બાળકોની સુરક્ષાને પ્રાથમિકતા આપી તાત્કાલિક ધોરણે પ્રોટેક્શન દિવાલનું નિર્માણ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. વસેડી ગામની આ ઘટના તંત્રના દાવા અને જમીની હકીકત વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરતી હોવાની ચર્ચા છે. હવે જોવાનું એ રહેશે કે R&B વિભાગ અને સંબંધિત તંત્ર દ્વારા ગ્રામજનોની માંગને કેટલી ઝડપથી ધ્યાને લેવામાં આવે છે.

### ગોંડલના ભોજપરામાં SOGનો સપાટો

# 'મુરલીધર પ્રોટીન્સ'માંથી 2,995 કિગ્રા શંકાસ્પદ ખાધતેલનો જથ્થો જપ્ત, કાળો કારનામો ઉઘાડો પડ્યો!

ગોંડલ

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર અને નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. (SOG) શાખાએ ખાદ્ય પદાર્થોમાં ચાલતી ભેળસેળ સામે આકરૂં વલણ અપનાવી ધડાકાભેર કાર્યવાહી કરી છે. ગોંડલ તાલુકાના ભોજપરા ગામની સીમમાં આવેલ 'મુરલીધર પ્રોટીન્સ' નામના કારખાનામાં એસ.ઓ.જી. ટીમે દરોડો પાડીને ૨,૯૯૫ કિલોગ્રામ શંકાસ્પદ અને ભેળસેળયુક્ત ખાદ્યતેલનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. આ સફળ ઝુંબેશથી ભેળસેળિયા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

એસ.ઓ.જી. શાખાના પીએસઆઈ જી. જે. ઝાલા, એએસઆઈ વિપુલભાઈ અને કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ ગોંડલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા, ત્યારે બાતમીદાર મારફતે ચોક્કસ માહિતી મળી હતી કે ભોજપરા ગામની સીમમાં આવેલા પ્લોટ નં. ૫૯/૭/૧ સ્થિત 'મુરલીધર પ્રોટીન્સ' નામના શેડમાં શંકાસ્પદ રીતે તેલનું મિશ્રણ અને ભેળસેળ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવી રહ્યા છે.

માહિતી મળતાં જ એસ.ઓ.જી. પીઆઈ એ. એફ. પારગીની સૂચનાથી પોલીસે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (રાજકોટ) ના ફૂડ સેફ્ટી ઓફિસરને સાથે રાખીને કારખાનામાં સરપ્રાઈઝ રેડ પાડી હતી.

દરોડા દરમિયાન કારખાનામાંથી ૨,૯૯૫ કિલોગ્રામ જેટલો શંકાસ્પદ ખાદ્યતેલનો જથ્થો મળી આવ્યો હતો. ફૂડ સેફ્ટી ઓફિસરે તુરંત જ તેલના સેમ્પલ લઈને પૃથ્થકરણ અર્થે સરકારી લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.


આ મામલે પોલીસે મોટા દળવા ગામના રહેવાસી ૨૬ વર્ષીય વેપારી જયદેવભાઈ પ્રભાતભાઈ ડાંગર (આહીર) વિરુદ્ધ કાયદેસરની ગુનાહિત કાર્યવાહી હાથ ધરી છે. લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ આરોગ્ય સાથે ચેડાં કરનારાઓ સામે વધુ આકરી કાનૂની કલમો ઉમેરી કાર્યવાહી કરવામાં આવશે.

## તંત્રી લેખ...

# મફત અને ગુણવત્તાયુક્ત સુવિધાઓ આપવાના બદલે જનતાને ખાનગી માફિયાઓના મુખમાં ધકેલતી કલ્યાણકારી રાજ્યની કાગળ પરની વ્યવસ્થા: જાગો નાગરિક જાગો, નહીંતર પેઢીઓ દેવાદાર બની જશે!

ગુજરાતના રાજકારણમાં અને સમાજજીવનમાં એક શાંતિ દેખાય છે. કોઈ મોટા આંદોલનો નથી, રસ્તાઓ પર વિરોધ પ્રદર્શનો નથી. પરંતુ શું આ શાંતિ રાજ્યના લોકોની સમૃદ્ધિની પ્રતીક છે? બિલકુલ નહીં! આ શાંતિ એ જનતાની સંતુષ્ટિ નથી, પરંતુ 'લાચારી' અને સરકારી સિસ્ટમ પરથી સાવ ઉઠી ગયેલા ભરોસાની નિશાની છે. ગુજરાતના નાગરિકોએ સરકાર પાસેથી મૂળભૂત હકો માંગવાનું બંધ કરી દીધું છે, કારણ કે તેમણે પોતાના લોહી-પરસેવાની કમાણીમાંથી 'ખાનગી વિકલ્પો' ખરીદવાની આદત પાડી લીધી છે. પરંતુ આ આદત જ આજે મધ્યમ અને ગરીબ વર્ગ માટે આર્થિક ફાંસો બની ગઈ છે.

### 1. શિક્ષણનું વેપારીકરણ: પ્રાથમિક શાળાથી લઈ યુનિવર્સિટીઓ સુધી લૂંટનો ખુલ્લો ખેલ



સરકારી શાળાઓમાં શિક્ષકોની હજારો જગ્યાઓ ખાલી છે, ઓરડાઓ જર્જરીત છે અને સરકારી તંત્ર શિક્ષણનું સ્તર સુધારવામાં સાવ નિષ્ફળ નીવડ્યું છે. પરિણામે, એક સામાન્ય પટાવાળો કે મજૂર પણ પોતાના બાળકને ખાનગી શાળામાં ભણાવવા મજબૂર બન્યો છે.

શાળાકીય શિક્ષણ: ડોનેશન, મોંઘી ફી, કમ્પાઉન્ડિંગ ચાર્જ, પુસ્તકો અને ગણવેશના નામે વાલીઓને દર વર્ષે નીચોવી લેવામાં આવે છે.

ઉચ્ચ શિક્ષણ: સરકારી કોલેજો અને યુનિવર્સિટીઓમાં સીટો મર્યાદિત બનાવી દેવાઈ છે, જેથી સેલ્ફ-ફાઈનાન્સ અને પ્રાઈવેટ યુનિવર્સિટીઓનો ધંધો ધમધમે. આજે વાલીઓ પોતાના બાળકોને એન્જિનિયરિંગ કે મેડિકલ ભણાવવા માટે લાખો રૂપિયાની 'એજ્યુકેશન લોન' લે છે અને આખી જિંદગી વ્યાજ ભરવામાં હોમાઈ જાય છે.

### 2. આરોગ્ય ક્ષેત્રે ડાકા: સરકારી સિવિલનું મરણ અને ખાનગી હોસ્પિટલોની બિલ-લૂંટ

સરકારી હોસ્પિટલોમાં લાઈનો, દવાનો અભાવ, ખરાબ સ્ટ્રેચર અને તબીબોની ગેરહાજરીના દૃશ્યો રોજિંદા બની ગયા છે. આ અસુવિધાઓથી કંટાળીને માણસ પોતાના સ્વજનનો જીવ બચાવવા માટે ખાનગી કોર્પોરેટ હોસ્પિટલોના શરણે જાય છે.

અમાનુષી બિલિંગ: એક આઈસીયુ (ICU) નો બેડ કે નાનું ઓપરેશન આવે એટલે ખાનગી હોસ્પિટલો લાખોના બિલ ફાડે છે.

મૂડીનું ધોવાણ: પરિવારે આખી જિંદગી બચાવેલી મૂડી, પ્લોટ કે સ્ત્રીઓના દાગીના વેચીને હોસ્પિટલના બિલ ચૂકવવા પડે છે. સરકાર 'આયુષ્માન કાર્ડ'ના મોટો દાવો કરે છે, પરંતુ ખાનગી હોસ્પિટલોમાં કાર્ડધારકો સાથે થતો ભેદભાવ અને ગેરરીતિઓ સર્વવિદિત છે.

### 3. કાયમી રોજગારીનો અંત: કોન્ટ્રાક્ટ પ્રોસેસ અને યુવાધનનું શોષણ

સરકારે પોતે 'આઉટસોર્સિંગ' અને 'કોન્ટ્રાક્ટ' પદ્ધતિ અપનાવીને યુવાનોના શોષણનો પાયો નાખ્યો છે. સરકારી ક્ષેત્રમાં વર્ષો સુધી ભરતીઓ અટકેલી રહે છે અથવા પેપર લીક થાય છે.

બીજી તરફ, ખાનગી કંપનીઓ અને આઉટસોર્સિંગ એજન્સીઓ ૧૨-૧૨ કલાક કામ કરાવીને માત્ર ૮,૦૦૦ થી ૧૨,૦૦૦ નો તુચ્છ પગાર આપે છે. કોઈ પીએફ નહીં, કોઈ ગ્રેચ્યુઈટી નહીં, કે નોકરીની કોઈ સુરક્ષા નહીં! ભણેલો-ગણેલો યુવાન આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યો છે પરંતુ વિરોધ કરવાનો સમય કે તાકાત તેની પાસે બચ્યા નથી.

### 4. પીવાનું પાણી અને જાહેર પરિવહન: ટેક્સ આપ્યા પછી પણ ખાનગી નિર્ભરતા!

પાણીનો વેપાર: મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ કરોડો રૂપિયાનો વોટર ટેક્સ વસૂલે છે, છતાં ઘરોમાં ગંદુ, દુર્ગંધયુક્ત અને કેમિકલવાળું પાણી આવે છે. જનતા સરકાર પાસે ચોખ્ખા પાણીની માંગણી કરવાને બદલે ઘરે આર.ઓ. (R.O.) પ્લાન્ટ નંખાવે છે અથવા રોજના ૩૦ થી ૫૦ ના પાણીના જગ ખરીદે છે.

ખાનગી પરિવહન: સરકારી એસ.ટી. બસો કે સ્થાનિક સીટી બસો અનિયમિત હોવાથી અથવા રૂટ ઓછા હોવાના કારણે લોકો પોતાના ખાનગી વાહનોમાં મોંઘું પેટ્રોલ-ડીઝલ બાળવા અથવા ખાનગી ટ્રાવેલ્સના ઊંચા ભાડા ચૂકવવા મજબૂર બન્યા છે.

### જનતા માટે જાગવાનો સમય: આ મૌન જ તમારી બરબાદી છે!

ગુજરાતની જનતાએ એ સમજવું પડશે કે તમે સરકારને રોડ, રસ્તા, પાણી, વીજળી, શિક્ષણ અને આરોગ્ય માટે 'ડાયરેક્ટ' અને 'ઈનડાયરેક્ટ' ટેક્સ ચૂકવો છો. ટેક્સ આપ્યા પછી પણ જો તમારે દરેક સેવા ખાનગી ક્ષેત્ર પાસેથી મોંઘા ભાવે ખરીદવી પડતી હોય, તો આ સરકારની સૌથી મોટી વહીવટી અને નૈતિક નિષ્ફળતા છે.

જો જનતા પોતાના બંધારણીય અધિકારો માટે અવાજ નહીં ઉઠાવે અને આ રીતે જ 'ખાનગી વિકલ્પો' પાછળ પોતાના ખિસ્સા ખાલી કરતી રહેશે, તો આવનારી પેઢીઓ માટે સરકારી સુવિધાઓ માત્ર ઈતિહાસના પાના પર જ રહી જશે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# એક દિવસ રડવાનું બંધ નથી થતું... ખતમ થઈ જાય છે અંદરથી તૂટવાથી લઈને મુક્ત થવા સુધીની સફર

જ્યાં સુધી દર્દ હોય ત્યાં સુધી આંસુ વહે છે, પણ જ્યારે દર્દ જ તમારો સ્વભાવ બની જાય, ત્યારે આંસુ પણ કાયમ માટે વિદાય લઈ લે છે.

માણસ જ્યારે કોઈ ઊંડા દર્દ, અપેક્ષાભંગ કે વિશ્વાસઘાતમાંથી પસાર થાય છે, ત્યારે શરૂઆતમાં તે ખૂબ રડે છે. તે પોતાની તકલીફ વ્યક્ત કરે છે, બૂમો પાડે છે અને કોઈ પોતાની વાતો સાંભળે એવી આશા રાખે છે. પણ સમય જતાં એક એવો તબક્કો આવે છે જ્યાં રડવાનું અટકી જાય છે માત્ર એટલા માટે નહીં કે દર્દ ઓછું થઈ ગયું છે, પણ એટલા માટે કે અંદરથી લાગણીઓ શૂન્ય થઈ ગઈ હોય છે.જ્યાં વ્યક્તિ લાગણીઓની ચરમસીમા વટાવી ચૂક્યો હોય છે.

'રડવું બંધ થવું' અને 'રડવું ખતમ થવું' ચાલો બંને વચ્ચેનો તફાવત સમજીએ

રડવું બંધ થવું એટલે આ એક ક્ષણિક પ્રક્રિયા છે. તમે થોડીવાર માટે શાંત થાઓ છો, પણ અંદર હજુ પણ ફરિયાદો, વિરોધ અને અપેક્ષાઓ જીવંત હોય છે.

જ્યારે રડવું ખતમ થઈ જવું એટલે આ માનસિક અને ભાવનાત્મક સ્વીકાર પછીની સ્થિતિ છે. આ સ્થિતિમાં વ્યક્તિને હવે કોઈ પ્રશ્ન પૂછવાની, કોઈ ખુલાસા માંગવાની કે પોતાની સાબિતી આપવાની ઈચ્છા જ નથી રહેતી.



સંબંધોમાં લાગણીઓની સંતૃપ્તિ ધારો કે કોઈ સંબંધમાં એક વ્યક્તિ સતત પ્રયત્નો કરી રહી છે. તે વારંવાર પોતાનું દુઃખ વ્યક્ત કરવા માટે રડે છે અને ઈચ્છે છે કે સામેવાળી વ્યક્તિ તેની કદર કરે. પરંતુ જ્યારે સામેથી સતત ઉપેક્ષા અને ઉપાસ જ મળે છે, ત્યારે એક દિવસ એવો આવે છે કે એ વ્યક્તિ રડવાનું સાવ બંધ કરી દે છે.

બહારથી એવું લાગે કે પરિસ્થિતિ ઠીક થઈ ગઈ છે, પણ વાસ્તવમાં તે વ્યક્તિએ અંદરથી સંપૂર્ણ વિદાય લઈ લીધી હોય છે. હવે તેને સામેવાળી વ્યક્તિના હોવા કે ન હોવાથી કોઈ જ ફરક નથી પડતો. આ રડવાનું બંધ થવું નથી, પણ લાગણીઓનું કાયમી પૂરું થઈ જવું છે.

મૌન એ સૌથી મોટો આક્રોશ છે. માણસ ત્યાં સુધી જ ઝઘડે છે કે રડે છે જ્યાં સુધી તેને સંબંધમાં કે પરિસ્થિતિમાં આશા દેખાય છે. મૌન ધારણ કરવું એ અપેક્ષાઓનો અંત છે.

આંસુઓની મર્યાદા હોય છે, સ્થિરતાની નહીં જેમ સમુદ્રમાં તુફાન આવ્યા પછી એક ગંભીર શાંતિ છવાય છે, તેમ સતત રડ્યા પછી માનસિક સ્તર એક શાંત પણ મજબૂત સ્થિતિમાં પહોંચી જાય છે.

આ સ્થિતિમાંથી શું શીખવાનું છે?

જો તમે પણ જીવનના એવા મોડ પર છો જ્યાં હવે તમને રડવું નથી આવતું અને કોઈ વાતનો અફસોસ પણ નથી રહ્યો, તો સમજી લો કે

તમે સ્વયં પૂર્ણ બની ગયા છો. લાગણીઓની અતિશયતાએ તમને અંદરથી અતિશય શાંત અને સ્થિર બનાવી દીધા છે.

અપેક્ષાઓનો અંત હવે તમે બીજા લોકો પર તમારી ખુશી કે દુઃખનો આધાર રાખવાનું બંધ કરી દીધું છે.

નવી શરૂઆતનો સંકેત છે. જ્યારે જૂનું દર્દ સંપૂર્ણ પૂરું થઈ જાય છે, ત્યારે જ જીવનમાં આત્મ-પ્રેમ (Self-love) અને નવી ક્ષમતાઓ માટે જગ્યા બને છે.

શાંત ચહેરો અને સ્મિત પાછળ ક્યારેય માત્ર ખુશી નથી હોતી, પણ પરિસ્થિતિ સામેની એ સ્વીકૃતિ હોય છે જેને હવે કોઈ હલાવી શકતું નથી.

રડવાનું ખતમ થવું એ સંવેદનાઓનું મરી જવું નથી, પણ પોતાની જાતને બચાવીને આગળ વધવાની એક કુદરતી મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# વર્લ્ડ ફોટોગ્રાફી દિવસ

દર વર્ષે ૧૯ ઓગસ્ટે વર્લ્ડ ફોટોગ્રાફી દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ માત્ર કેમેરાથી સુંદર તસવીરો લેવાની કળાની ઉજવણી નથી, પરંતુ ફોટોગ્રાફીના વૈજ્ઞાનિક, ઐતિહાસિક, સામાજિક અને સર્જનાત્મક મહત્ત્વને યાદ કરવાનો અવસર છે. ૧૯ ઓગસ્ટ, ૧૮૩૯ ના રોજ ફ્રાન્સમાં લુઈ ડાગેરના 'ડાગેરિયોટાઈપ' ફોટોગ્રાફિક પ્રોસેસની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. આ ઘટનાને આધુનિક ફોટોગ્રાફીના વિકાસમાં એક ઐતિહાસિક સીમાચિહ્ન માનવામાં આવે છે, જેના પછી જ્યોર્જ ઈસ્ટમેન એ ૧૯મી સદીમાં 'કોડેક' કંપનીની સ્થાપના કરી, રોલ કેમેરા દ્વારા દુનિયાભરમાં ફોટોગ્રાફીને સામાન્ય લોકો સુધી પહોંચાડી. આજે ફોટોગ્રાફી ટેક્નોલોજીના અદભુત પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. ડી.એસ.એલ.આર અને મિરરલેસ કેમેરા સાથે સ્માર્ટફોન ફોટોગ્રાફી, કમ્પ્યુટેશનલ ફોટોગ્રાફી, મલ્ટી-કેમેરા સિસ્ટમ, ૩-ડી ઈમેજિંગ અને આર્ટીફિશીયલ ઈન્ટેલિજેન્સ (એ.આઈ) આધારિત ફોટો પ્રોસેસિંગે તસવીરો સર્જવાની રીત બદલી નાખી છે. ૨૦૨૬ માં એ.આઈ આધારિત ઈમેજ પ્રોસેસિંગ અને સ્માર્ટફોન ઈમેજિંગ ફોટોગ્રાફીના મહત્વના પ્રવાહોમાં સામેલ છે. સાથે જ, અત્યંત 'પરફેક્ટ' ઈમેજ કરતાં કુદરતી, ઓથેન્ટિક અને વ્યક્તિગત વિઝ્યુઅલ સ્ટાઈલ તરફ પણ નવો રસ જોવા મળી રહ્યો છે. ફોટોગ્રાફીનું મહત્વ હેલ્થકેર ક્ષેત્રમાં પણ ઝડપથી વધી રહ્યું છે. ક્લિનિકલ ફોટોગ્રાફી દર્દીનું ફોટોગ્રામમેટ્રિક ટેક્નિક થી પોશ્ચર નું દસ્તાવેજીકરણ, સારવાર પહેલાં અને પછીના ફેરફારોની સરખામણી, વુન્ડ કેર, રીહેબિલિટેશન, શિક્ષણ અને સંશોધનમાં ઉપયોગી બની શકે છે. યોગ્ય રીતે લેવામાં આવેલી તસવીરો વિવિધ આરોગ્ય નિષ્ણાતો વચ્ચે સંવાદ અને અનુસરણને સરળ બનાવી શકે છે. ખાસ કરીને ફિઝીકલ રીહેબિલિટેશન જેવા ક્ષેત્રોમાં પોશ્ચર, ગેટ ટ્રેનિંગ, જોઈન્ટ મુવમેન્ટ, ફંક્શનલ મૂવમેન્ટ તથા રીહેબિલિટેશન પહેલાં અને પછીના ફેરફારોનું પ્રમાણભૂત ફોટોગ્રાફિક દસ્તાવેજીકરણ - ક્લિનીકલ ઓબઝર્વેશન ને વધુ સ્પષ્ટ બનાવી શકે છે. ટેલી-રીહેબ અને રિમોટ- ફોલો-અપ માં વુન્ડ અથવા અન્ય દૃશ્યમાન સ્થિતિની તસવીરો પણ ઉપયોગી બની શકે છે, જોકે તેનેક્લિનીકલ એક્ઝામિનેશન નું સંપૂર્ણ વિકલ્પ માનવું યોગ્ય નથી.



# કાયદાની મર્યાદા અને પુરુષની વેદના: વૈવાહિક વિવાદોમાં નિર્દોષ સાસરી પક્ષની હેરાનગતિનો અંત ક્યારે?

માનવ સભ્યતામાં લગ્ન સંસ્થા એ બે આત્માઓ અને બે પરિવારોના પવિત્ર મિલનનો ઉત્સવ છે. ભારતીય સંસ્કૃતિમાં દામ્પત્ય જીવનનો પાયો પરસ્પર સમર્પણ, સહનશીલતા અને સન્માન પર ટકેલો છે. પરંતુ આજના ભૌતિકવાદી અને આધુનિક યુગમાં, નાની-નાની પારિવારિક તકરારો અને સામાન્ય ઘરગથ્થુ ઝઘડા ક્યારેક પૂર્વગ્રહયુક્ત કાયદાકીય યુદ્ધમાં પરિવર્તિત થઈ જાય છે. મહિલાઓના સશક્તિકરણ અને રક્ષણ માટે બનેલા કાયદાઓ સરાહનીય છે, પરંતુ ચિંતાનો વિષય એ છે કે આ કાયદાઓનો ઉપયોગ ક્યારેક નિર્દોષ પતિ, તેના અશક્ત વૃદ્ધ માતા-પિતા અને ઘરના અન્ય સભ્યોને માનસિક રીતે તોડી પાડવાના હથિયાર તરીકે થવા લાગ્યો છે.

જ્યારે કોઈ વૈવાહિક વિવાદ ઉભો થાય છે, ત્યારે પત્ની દ્વારા કાયદાની ગંભીર જોગવાઈઓનો આશરો લેવામાં આવે છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ 85 (જે અગાઉ આઈ.પી.સી. કલમ 498-એ તરીકે જાણીતી હતી) હેઠળ શારીરિક-માનસિક ક્રૂરતાનો ગુનો, ઘરેલું હિંસા અધિનિયમ (2005) ની વિવિધ જોગવાઈઓ અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 144 (અગાઉની સી.આર.પી.સી. કલમ 125) અંતર્ગત ભરણપોષણ (ખાધા-ખોરાકી) ના કેસો એકસાથે કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં સૌથી મોટી કરુણતા એ સર્જાય છે કે જે વૃદ્ધ માતા-પિતાએ આખી જિંદગી પ્રામાણિકતાથી જીવી હોય અને જે પરિણીત બહેનો પોતાના સાસરે વસી ચૂકી હોય, તેમના નામો પણ વેરની ભાવનાથી ફરિયાદમાં ખોટી રીતે જોડી દેવામાં આવે છે, જેથી આખો પરિવાર સામાજિક અને માનસિક રીતે વિખેરાઈ જાય છે.

ખાસ કરીને, જો પતિ કોઈ પ્રતિષ્ઠિત વિભાગમાં સરકારી કર્મચારી હોય, તો તેના પર કાયદાકીય દબાણ અને નોકરી ગુમાવવાનો ભય ઘણો વધી જાય છે. અદાલતો દ્વારા ભરણપોષણની કમ નક્કી કરતી વખતે પતિની આવક અને જીવનધોરણને ધ્યાને લેવામાં આવે છે, જે સામાન્ય રીતે તેના ચોખ્ખા પગારના આશરે ચોથા ભાગ સુધીની હોઈ શકે છે. પરંતુ windowsill અદાલતોમાં ચાલતા લાંબા કાયદાકીય વિવાદો, વકીલોની ફી અને અવારનવાર કોર્ટના ધક્કા ખાવાના કારણે આર્થિક ગણિત એટલું હદ સુધી બગડી જાય છે કે પુરુષ આર્થિક રીતે પાયમાલ થઈ જાય છે. હથેળીમાં રાખવા છતાં જ્યારે આવા કેસોનો સામનો કરવો પડે છે, ત્યારે સાચો અને નિર્દોષ પુરુષ પણ માનસિક તણાવની ચરમસીમાએ પહોંચીને છેવટે મોતને વહાલું કરી બેસે છે. હૃદયના આ ગંભીર ખાલીપા અને વેદનાને લોકહૃદય હંમેશાં આ રીતે જુએ છે:

'સહ્યો આઘાત એવો કે આખો સંસાર વિખેરાઈ ગયો,
જ્યાં ન્યાયની શોધ હતી ત્યાં નિર્દોષ પરિવાર રોળાઈ ગયો.'

માનનીય સર્વોચ્ચ અદાલતે પણ અવારનવાર પોતાના મહત્વના ચુકાદાઓમાં કાયદાના આવા દુરુપયોગને 'કાનૂની આતંકવાદ' તરીકે ઓળખાવ્યો છે. અદાલતોએ પણ સ્પષ્ટ કર્યું છે કે સાસરી પક્ષના તમામ સભ્યો અને વૃદ્ધ માતા-પિતાના નામો પૂરતા પુરાવા વગર માત્ર હેરાન કરવા માટે ફરિયાદમાં ન ઉમેરી શકાય. કાયદો પીડિતોના રક્ષણ માટે છે, કોઈ નિર્દોષ ઘરને સ્મશાન બનાવવા માટે નહીં. જો સમાજ અને કાયદાકીય વ્યવસ્થા નિર્દોષ પુરુષો અને તેમના પરિવારો પ્રત્યે સંવેદનશીલ અભિગમ નહીં અપનાવે, તો લગ્ન સંસ્થા પરથી યુવાનોનો વિશ્વાસ ઉઠી જશે.

આ વિષય આપણને જીવન જીવવાનો એક બહુ મોટો સંદેશ આપે છે કે લગ્ન જીવનના ઉતાર-ચઢાવને અદાલતની અંદર લઈ જઈને પરિવારોને બરબાદ કરવાને બદલે પરસ્પર સમજાવટ અને પારિવારિક કાઉન્સેલિંગ દ્વારા ઉકેલવામાં આવે, તો ઘણી જિંદગીઓ બચી શકે છે. કાયદાકીય સંતુલન અને નિર્દોષોનું રક્ષણ એ જ એક સુખી અને ન્યાયી સમાજની સાચી આધારશિલા છે.

**- રૂપેશ સોલંકી**

# ગળું દબાવી ડાયટીશિયન પત્નીને મોતને ઘાટ ઉતારી, લાશને લાકડાની પેટીમાં ઠસોઠસ ભરી સિમેન્ટથી ચણી દીધી!

## સુરતમાં કાળજું કંપાવી દેતી ક્રૂરતા: પત્નીની હત્યા બાદ સસરાને સાથે રાખી શોધવાનું નાટક કરનાર પાપી પતિ નીલેશ સાળંકે આખરે સલાબતપુરા પોલીસના શિકંજામાં

સુરત

સુરત શહેરના સલાબતપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી સોસાયટીમાં માનવતાને શરમસાર કરતી અને ફિલ્મ 'દ્રશ્યમ'ને પણ પાછળ છોડી દે તેવી ભયાનક હત્યાની ઘટના સામે આવી છે. વ્યવસાયે ડાયટીશિયન (આહારશાસ્ત્રી) તરીકે ફરજ બજાવતી ૩૯ વર્ષીય શિલ્પા સાળંકેની તેના જ પતિ નીલેશ સાળંકેએ અતિ ક્રૂરતાપૂર્વક ગળું દબાવીને હત્યા કરી નાખી હતી. આટલેથી ન અટકતાં, આ પાપી પતિએ રાક્ષસી માનસિકતા દર્શાવી હત્યાના પુરાવા નાશ કરવા માટે લાશને લાકડાના મોટા બોક્સ (પેટી) માં ઠસોઠસ ભરીને ઉપરથી સિમેન્ટનું જાડું થર ચણી દીધું હતું.

### શું હતી સમગ્ર કાળી કરતૂત?

પ્રાપ્ત વિગતો મુજબ, આરોપી નીલેશ સાળંકે અને મૃતક શિલ્પા સાળંકે વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ગૃહકંકાલ ચાલી રહ્યો હતો. ચારિત્ર્ય પર શંકા અને નાની-નાની બાબતોમાં કૌટુંબિક ઝઘડાને કારણે આરોપી પતિએ આવેશમાં આવીને શિલ્પાનું ગળું




દબાવી તેને મોતને ઘાટ ઉતારી દીધી હતી.

પત્નીનું મૃત્યુ થતાં જ આરોપીએ ઠંડા કલેજે પૂર્વઆયોજિત કાવતરું ઘડ્યું હતું. ઘરમાં પડેલા લાકડાના મોટા બોક્સમાં શિલ્પાના મૃતદેહને વાંકોચૂંકો વાળીને પેક કરી દીધો હતો. ત્યારબાદ કોઈને દુર્ગંધ કે શંકા ન આવે તે માટે બજારમાંથી સિમેન્ટ, રેતી અને કપચી લાવીને પેટીની ઉપર અને આજુબાજુ સિમેન્ટનું પક્કું પ્લાસ્ટર કરીને કાયમી ધોરણે સીલ કરી દીધું હતું.

સસરાને સાથે રાખી પોલીસ સ્ટેશને ગુમ થયાનું નાટક આચર્યું

હત્યા આચર્યા બાદ શાતિર પતિ નીલેશે પોતાના ગુના પર પડદો પાડવા માટે અદ્ભુત નાટક રચ્યું હતું. તેણે શિલ્પાના પિતા (સસરા) ને ફોન કરીને જણાવ્યું કે 'શિલ્પા ઘરેથી ક્યાંક જતી રહી છે અને મળી રહી નથી.'

પુત્રીની ચિંતામાં દોડી આવેલા વૃદ્ધ સસરાને સાથે રાખીને આરોપી પોતે જ સલાબતપુરા પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો અને પત્નીની ગુમશુદગી (મિસિંગ) ની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે જ્યારે શોધખોળ શરૂ કરી ત્યારે આરોપી સસરા અને પોલીસની સામે જ પત્નીને શોધવાનું અદ્ભુત નાટક કરતો રહ્યો હતો.

પોલીસ તપાસમાં ભોપાળું છતું થયું, કબાટમાંથી મળી ચિઠ્ઠી

સલાબતપુરા પોલીસ મથકના પી.આઈ. અને સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમે (DCP ઝોન-૨ એ.બી. વાઘેલા અને ACP ના સીધા માર્ગદર્શન હેઠળ) ગુમ થયેલી મહિલા અંગે ઘરમાં તપાસ શરૂ કરી હતી. આરોપીની આકરા પાણીએ પૂછપરછ હાથ ધરાતાં તેના નિવેદનોમાં ભારે વિરોધાભાસ જણાયો હતો.

દરમિયાન, પોલીસને ઘરના કબાટમાંથી એક ચિઠ્ઠી (નોટ) મળી આવી હતી, જેમાં આરોપીએ પોતાની કૌટુંબિક અસંતોષ અને ગુનાની કબૂલાત સંદર્ભે લખાણ લખ્યું હતું.

ઘરમાંથી આવતી શંકાસ્પદ દુર્ગંધ અને ખૂણામાં નવી ચણેલી સિમેન્ટની પેટી જોઈ પોલીસને આશંકા ગઈ હતી. જ્યારે પોલીસે મજૂરો બોલાવીને તે સિમેન્ટનું ચણતર તોડાવ્યું, ત્યારે અંદરથી ડાયટીશિયન શિલ્પાની વિકૃત થઈ ગયેલી લાશ મળી આવતાં ખુદ પોલીસ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા.

આરોપી જેલના સળિયા પાછળ

સલાબતપુરા પોલીસે ત્વરિત કાયદેસરની કાર્યવાહી કરી આરોપી પતિ નીલેશ સાળંકે વિરુદ્ધ હત્યા (IPC Section 302 / BNS) અને પુરાવા નાશ કરવાના ગુના હેઠળ કેસ નોંધી તેની ધરપકડ કરી છે. સસરાની આંખમાં ધૂળ નાખીને પત્નીને જ સિમેન્ટમાં દાટી દેનાર આ નરાધમ પતિના કારનામાથી સમગ્ર સુરત શહેર અને ગુજરાતભરમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

# રામમંદિરના ચઢાવાની ચોરી પર SITએ સરકારને રિપોર્ટ સોંપ્યો

નવી દિલ્હી

રામ મંદિરમાં દાન ચોરીની તપાસ માટે યુપી સરકાર દ્વારા રચાયેલી SITએ પોતાનો અંતિમ રિપોર્ટ સુપરત કર્યો. સૂત્રોના જણાવ્યા અનુસાર રિપોર્ટમાં ટ્રસ્ટના પૂર્વ મહાસચિવ ચંપત રાય અને સભ્ય ડો. અનિલ મિશ્રાનું નામ નથી. ગૃહ વિભાગે આગળની કાર્યવાહી માટે રિપોર્ટ રામ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ મહંત નૃત્યગોપાલ દાસને સુપરત કર્યો છે. તેને ટ્રસ્ટની 2 સપ્ટેમ્બરે યોજાનારી બેઠકમાં રજૂ કરવામાં આવશે. હકીકતમાં, દાન ચોરીનો મામલો સામે આવ્યા બાદ રામ મંદિર ટ્રસ્ટે રાજ્ય સરકારને SIT તપાસ માટે વિનંતી કરી હતી. 13 જૂને સરકારે SITની રચના કરી હતી. લખનઉના મંડલાયુક્ત વિજય વિશ્વાસ પંતની અધ્યક્ષતામાં રચાયેલી આ 3 સભ્યોની SITમાં આઈજી રેન્જ કિરણ એસ, વિશેષ સચિવ (નાણાં) નીલ રતન કુમારને સભ્ય બનાવવામાં આવ્યા હતા. SITએ 23 જૂને પોતાનો પ્રાથમિક રિપોર્ટ સરકારને સુપરત કર્યો હતો. જોકે, દાન ચોરીની તપાસ હજુ ચાલુ છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર રચાયેલી બીજી SIT આ મામલાની તપાસ કરી રહી છે. સુપ્રીમ કોર્ટે SIT માં તપાસની કમાન IPS ને સોંપવા જણાવ્યું હતું. સાથે જ, તેમાં ફાઈનાન્સ એક્સપર્ટને પણ સામેલ કરવાના નિર્દેશ આપ્યા હતા. આ પછી 20 જુલાઈએ નવી SIT બનાવવામાં આવી હતી.



### આધુનિકરણના નામે કરોડોનો ધુમાડો, પણ 89% સ્ટેશનો પર પીવાનું પાણી અને ટોઇલેટ પણ નથી!

# રેલવે સ્ટેશનો ભાજપ સરકારના લૂંટના કેન્દ્રો બન્યા

અમદાવાદ

દેશ અને રાજ્યની જીવાદોરી સમાન ભારતીય રેલવેમાં મુસાફરો પાસેથી કરોડો રૂપિયા ખંખેરતી ભાજપ સરકારની આકરી ઝાટકણી કાઢતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ કેન્દ્ર ના સી.એ.જી. (CAG) ના ઓડિટ રિપોર્ટના આંકડાઓ સાથે સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ‘આધુનિકરણ‘ અને ’અમૃત ભારત’ના નામે ભાજપ સરકારે દેશના રેલવે સ્ટેશનોને લૂંટના કેન્દ્રો બનાવી દીધા છે, જ્યારે સામાન્ય મુસાફરો મૂળભૂત સુવિધાઓ માટે તરફડિયા મારી રહ્યા છે. ડૉ. મનીષ દોશીએ જણાવ્યું કે કેગના ઓડિટમાં તપાસાયેલા ૫૧૨ સ્ટેશનોમાંથી ૮૯ % સ્ટેશનો પર પંખા, વોટર કૂલર, શુદ્ધ પીવાનું પાણી, શૌચાલય, બેઠક વ્યવસ્થા અને શેલ્ટર જેવી અતિ પાયાની સુવિધાઓનો ઘોર અભાવ જોવા મળ્યો છે.

સૌથી ચોંકાવનારી બાબત તો એ છે કે, જે સ્ટેશનો કરોડોની વાર્ષિક કમાણી કરે છે તેને પણ બક્ષવામાં આવ્યા નથી: અમદાવાદ સ્ટેશન: વાર્ષિક રૂ. ૯૩૫ કરોડની કમાણી છતાં પાયાની સુવિધાઓનો અભાવ. સુરત સ્ટેશન: વાર્ષિક રૂ. ૭૪૦ કરોડની આવક છતાં શૌચાલય અને પાણી જેવી સુવિધાઓ નથી. વર્ષ ૨૦૧૪થી બુલેટ ટ્રેનના સપના દેખાડનાર મોદી સરકાર ૨૦૨૬માં પણ સામાન્ય ટ્રેનના લાખો મુસાફરોને પંખો કે પીવાનું પાણી આપી શકી નથી. આ ’ડબલ એન્જિન’ નહીં પરંતુ ’ડબલ ફેલ્યુઅર’ સરકાર છે.

મુસાફરોની સુવિધાના ૧૧,૪૭૯ કરોડ વપરાયા જ નહીં: કેન્સલેશન અને ટિકિટના નામે ૬,૧૧૨ કરોડની લૂંટ

કોંગ્રેસ પ્રવક્તાએ કેગના અહેવાલને ટાંકીને સરકારની નાણાકીય નિષ્ફળતાઓ ગણાવી હતી: વણવપરાયેલું ભંડોળ: છેલ્લા પાંચ વર્ષમાં પેસેન્જર સુવિધા માટે ફાળવાયેલા રૂ. ૧૧,૪૭૯ કરોડ વાપર્યા વગર જ રાખી મુકાયા. કેન્સલેશન ચાર્જની લૂંટ: કેન્સલેશન ચાર્જ સીધા બમણા કરીને માત્ર ચાર વર્ષમાં યાત્રિકોના ખિસ્સામાંથી રૂ. ૬,૧૧૨ કરોડ ખંખેરી લેવાયા.

પ્લેટફોર્મ ટિકિટ: જે પ્લેટફોર્મ ટિકિટના દર અગાઉ રૂ. ૩થી ૫ હતા, તેને કોવિડકાળમાં રૂ. ૫૦ સુધી પહોંચાડીને માત્ર એક જ વર્ષમાં (૨૦૧૯-૨૦) રૂ. ૧૬૦.૮૭ કરોડ રળી લીધા, છતાં પ્લેટફોર્મ પર બેસવાની જગ્યા પણ નથી!

કોંગ્રેસ પક્ષની કડક માંગણીઓ :

૧. કેગના રિપોર્ટમાં ઉજાગર થયેલી ગંભીર ખામીઓ અને નાણાકીય ગેરરીતિઓ અંગે ભાજપ સરકાર હિસાબ આપે.

૨. વણવપરાયેલા રૂ. ૧૧,૪૭૯ કરોડનો સંપૂર્ણ હિસાબ જાહેર કરી ત્વરિત સ્ટેશનોની સુવિધા પાછળ વાપરવામાં આવે.

૩. વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવતી ભાડા છૂટ તાત્કાલિક પુનઃસ્થાપિત કરવામાં આવે.

૪. પસંદગીના કોન્ટ્રાક્ટરોને લાભ પહોંચાડી રેલવેના ખાનગીકરણના આચરાતા પ્રયાસો બંધ થાય.

૫. રેલવેની સતત થતી દુર્દશા અને કરોડો મુસાફરોના ભોગે કરાતી ઉપેક્ષાની નૈતિક જવાબદારી સ્વીકારી કેન્દ્રીય રેલવે મંત્રી તાત્કાલિક રાજીનામું આપે.



કેગ (CAG) ના અહેવાલે મોદી સરકારની પોલ ખોલી: અમદાવાદ અને સુરત જેવા 'અમૃત' સ્ટેશનોમાં પણ સુવિધાઓનો ઘોર અભાવ, નિષ્ફળતાની નૈતિક જવાબદારી સ્વીકારી કેન્દ્રીય રેલવે મંત્રી તાત્કાલિક રાજીનામું આપે – ડૉ. મનીષ દોશી

### છોટાઉદેપુર નગરપાલિકામાં ભ્રષ્ટાચારની ગંગોત્રી

## પાંચ-પાંચ સામુહિક શૌચાલયોને તાળાં, ટેક્સના નાણાંનો ખુલ્લેઆમ દુરુપયોગ!

### કલરકામના નામે લાખોનો ધુમાડો કર્યા બાદ હવે 28 લાખના રીનોવેશન ટેન્ડરની તૈયારી

છોટાઉદેપુર

છોટાઉદેપુર નગરપાલિકાના સત્તાધીશો જાણે પ્રજાના ટેક્સના પૈસાનો વેડફાટ કરવા જ બેઠા હોય તેવો ઘાતક અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. નગરપાલિકા વિસ્તારમાં આવેલા સાત સામુહિક શૌચાલયોમાંથી પાંચ-પાંચ શૌચાલયોને છેલ્લા ૨ વર્ષથી તાળાં લટકી રહ્યા છે. સ્થાનિક રહીશો સુવિધાથી વંચિત છે, પરંતુ સત્તાધીશોના પેટનું પાણી પણ હલતું નથી. ઊલટાનું, જર્જરિત શૌચાલયો પર માત્ર કલરકામ કરીને લાખો રૂપિયાનો ખર્ચ સરકારી ચોપડે ઉધારી દેવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, શૌચાલયોની હાલત અત્યંત બિસ્માર અને જર્જરિત હોવા છતાં, નગરપાલિકાના સત્તાધીશોએ કાગળ પર કામગીરી બતાવવા માટે બે મહિના પહેલાં જ તેના પર કલર મારીને ચમકાવી દીધા હતા. કલરકામ પાછળ લાખો રૂપિયાનો ધુમાડો કરી દેવાયો, પરંતુ અંદરની સ્થિતિ એવી ને એવી જ રહી, જેના કારણે લોકો આ શૌચાલયોનો ઉપયોગ જ કરી શક્યા નથી. હજી તો કલરકામના નામે લાખો રૂપિયાનો ચોપડે હિસાબ બતાવાયો છે ત્યાં જ હવે આ બિસ્માર શૌચાલયોના રીનોવેશન માટે રૂ. ૨૮ લાખનું નવું ટેન્ડર બહાર પાડવાની તૈયારીઓ ચાલી રહી છે! સ્થાનિક પ્રજામાં ભારે રોષ સાથે આક્ષેપ થઈ રહ્યો છે કે, જેટલા ખર્ચમાં રીનોવેશનનું પ્લાનિંગ થઈ રહ્યું છે, તેટલી રકમમાં તો તદ્દન નવાં શૌચાલયો ઊભાં થઈ જાય. તો પછી જૂના અને બિસ્માર માળખા પાછળ જ કેમ વારંવાર લાખો રૂપિયા હોમાઈ રહ્યા છે? એક તરફ રાજ્ય સરકાર નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ નગરપાલિકાને ફાળવે છે, તો બીજી તરફ છોટાઉદેપુર નગરપાલિકાનું આયોજન તદ્દન નિષ્ફળ નીવડ્યું છે. યોગ્ય પ્લાનિંગના અભાવે અને ભ્રષ્ટાચારની નીતિના કારણે સામાન્ય જનતા સુવિધા માટે તરફડી રહી છે અને ટેક્સના પૈસા પાણીમાં જઈ રહ્યા છે.



## છોટાઉદેપુર જિલ્લા પંચાયતનો મોટો નિર્ણય: વહીવટી સુધારાના ભાગરૂપે 57 તલાટી કમ મંત્રીઓની સામૂહિક બદલી

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લા પંચાયત તંત્ર દ્વારા ગ્રામ્ય સ્તરે વહીવટી કામગીરીને વધુ ગતિશીલ,પારદર્શક અને લોકાભિમુખ બનાવવાના હેતુથી એક અત્યંત મહત્વપૂર્ણ અને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી (DDO) દ્વારા સત્તાવાર હુકમ બહાર પાડીને જિલ્લામાં ફરજ બજાવતા કુલ ૫૭ તલાટી કમ મંત્રીઓની એકસાથે સામૂહિક બદલી અને નવી જગ્યાઓ પર તત્કાલ પ્રભાવથી નિમણૂંક કરવાના આદેશો કરવામાં આવ્યા છે લાંબા સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા તલાટીઓને ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૨૨૭ હેઠળ જિલ્લા વિકાસ અધિકારીને મળેલી વિશેષ સત્તાની રૂએ બદલી કરાઈ છે જયારે તમામ તલાટી કમ મંત્રીઓને રીલીવરની રાહ જોયા વિના તાત્કાલિક અસરે પોતાની વર્તમાન ફરજ પરથી મુક્ત થઈને, બદલીવાળા નવા નિયત કરાયેલા ગામ કે પંચાયત ખાતે પહોંચીને પોતાનો નવો ચાર્જ સંભાળી લેવા માટે કડક તાકીદ કરવામાં આવી છે સામૂહિક સ્તરે થયેલા આ મોટા ફેરફારને પગલે પંચાયત આલમમાં ભારે ગરમાવો આવી ગયો છે.




## સંત શિરોમણી શ્રી રવિદાસજી મહારાજની જન્મજયંતિ નિમિત્તે ઝાલોદમાં ભવ્ય કળશ યાત્રાનો સંકલ્પ

### ભાજપના “સમરસતા સંકલ્પ અભિયાન” અંતર્ગત 47 ગ્રામ પંચાયત, ઝાલોદ શહેરના 7 વોર્ડ અને ઝાલોદ મંડળમાં ધાર્મિક આસ્થા સાથે નીકળશે કળશ યાત્રા

ઝાલોદ, પંકજ પંડિત

સંત શિરોમણી શ્રી રવિદાસજી મહારાજની જન્મજયંતિ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર દેશમાં “સમરસતા સંકલ્પ અભિયાન” અંતર્ગત વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે ઝાલોદ 130 વિધાનસભા મતવિસ્તારમાં પણ ભવ્ય પવિત્ર કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઝાલોદ 130 વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ ભૂરીયાના માર્ગદર્શન હેઠળ ઝાલોદ તાલુકામાં એ.પી.એમ.સી. ખાતે આવેલા ગણેશ મંદિર ખાતે સંત શ્રી રવિદાસજી મહારાજના પવિત્ર કળશ વિતરણનો કાર્યક્રમ સવારે 12 વાગ્યે યોજાયો હતો. ધાર્મિક શ્રદ્ધા, સામાજિક સમરસતા અને એકતાના સંદેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં ભાજપના આગેવાનો, કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



આ અભિયાન અંતર્ગત ઝાલોદ તાલુકાની કુલ 47 ગ્રામ પંચાયતો, ઝાલોદ નગરપાલિકાના 7 વોર્ડ તેમજ ઝાલોદ મંડળના મુખ્ય કળશ સાથે તા. 17થી 21 ઓગસ્ટ દરમિયાન વિવિધ વિસ્તારોમાં પવિત્ર કળશ યાત્રા ધાર્મિક માહોલમાં યોજાશે. કળશ યાત્રા દરમિયાન સંત શ્રી રવિદાસજી મહારાજના જીવન, તેમના સમરસતા અને સામાજિક એકતાના સંદેશને જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ લેવામાં આવશે.

કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ રેખાબેન વસૈયા, તાલુકા પંચાયત પ્રમુખ સુરેશ કટારા, પ્રદેશ એસ. ટી. મોરચાના મહામંત્રી શીતલબેન વાઘેલા, તાલુકા પ્રભારી રાહુલ રાવત, તાલુકા પ્રમુખ સુરેશ ભાભોર, શહેર પ્રમુખ મયુર પંચાલ તથા કાર્યક્રમના જિલ્લા ઈન્ચાર્જ ભારત શ્રીમાળી સહિત જિલ્લા અને તાલુકા સ્તરના સભ્યો, સરપંચો, સંગઠનના હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વડાલી APMCની રજત જયંતી અને સહકારી જીનની સુવર્ણ જયંતીની ભવ્ય ઉજવણી

ઇડર, જાકીર મેમણ

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં યોજાયેલા સમારોહમાં ખેડૂતો, વેપારીઓ અને સહકારી અગ્રણીઓનું સન્માન.વડાલી ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC)ની રજત જયંતી તથા સહકારી જીનની સુવર્ણ જયંતીની ભવ્ય ઉજવણી કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. સમારોહમાં ખેડૂતો, વેપારીઓ, સહકારી અગ્રણીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ૫૦ વર્ષ પહેલાં વડવાઓએ ખેડૂતોના હિતનો વિચાર કરીને સહકારી જીન જેવી સંસ્થા ઊભી કરી હતી. આજે નવી પેઢીએ કૃષિ ક્ષેત્રને આધુનિક ટેકનોલોજી, પ્રોસેસિંગ અને મૂલ્યવર્ધન સાથે આગળ વધારવાની જરૂર છે. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા તેમજ સોઈલ હેલ્થ કાર્ડના આધારે ખેતી કરવાની સલાહ આપી હતી. કૃષિ પેદાશોના પ્રોસેસિંગ, પેકેજિંગ અને માર્કેટિંગ દ્વારા ખેડૂતોને વધુ સારું વળતર મળી શકે તેમ તેમણે જણાવ્યું હતું. સાથે જ આધુનિક અને ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ વધારવા પર ભાર મૂક્યો હતો.ખેડૂતોને ગુણવત્તાયુક્ત બિયારણ મળે તે માટે સરકાર પ્રતિબદ્ધ હોવાનું જણાવી નકલી બિયારણ વેચનાર સામે કડક કાર્યવાહી કરવાની વાત પણ તેમણે કરી હતી. ગ્રીનહાઉસ સબસિડી સહિતની વિવિધ સરકારી યોજનાઓનો લાભ લઈ ખેડૂતો આવકમાં વધારો કરે તેવો અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે APMC વડાલી અને સહકારી જીન સાથે વર્ષોથી જોડાયેલા અગ્રણીઓ, વેપારીઓ, કર્મચારીઓ તથા સેવાભાવી વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રીનાબેન પટેલ, સાંસદ શોભનાબેન બારૈયા, ધારાસભ્ય રમણલાલ વોરા, કનુભાઈ પટેલ, મહેશ પટેલ, શામળભાઈ પટેલ, જેઠાભાઈ પટેલ, વિજય પટેલ, ઋતુરાજ પટેલ, મહેન્દ્રસિંહ પરમાર સહિતના આગેવાનો, ખેડૂતો, વેપારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



## ઓરસંગ બ્રિજ પર ખાડાઓનું સામ્રાજ્ય, વાહનચાલકોમાં રોષ – NH-56 પર તંત્રની બેદરકારીથી અકસ્માતનો ખતરો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

મધ્ય પ્રદેશને જોડતા મહત્વના NH-56 પર ઓરસંગ નદીના બ્રિજ ઉપર ખાડાઓનું સામ્રાજ્ય સર્જાયું છે.

બ્રિજ પરથી દરરોજ હજારો નાના-મોટા વાહનો પસાર થાય છે, ત્યારે રસ્તા પર પડેલા ખાડાઓને કારણે વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ખાડાઓના કારણે વાહનોને નુકસાન થવાની સાથે ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ પણ ઊભી થઈ છે.

મહત્વની બાબત એ છે કે કુલ ૩૦ ટનથી વધુ વજન ધરાવતા વાહનો માટે પ્રવેશ પ્રતિબંધ હોવા છતાં વાહનોને રોકવા કે નિયંત્રણ કરવા માટે સ્થળ પર કોઈ જવાબદાર અધિકારી કે કર્મચારીની હાજરી જોવા મળતી નથી. જેના કારણે પ્રતિબંધનો અમલ માત્ર કાગળ પર જ થઈ રહ્યો હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. મુખ્ય હાઈવે પર બ્રિજની સ્થિતિ ખરાબ હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા સમયસર સમારકામ કરવામાં ન આવતાં વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે ખાડાઓ વધુ જોખમી સાબિત થઈ શકે છે.

સ્થાનિક વાહનચાલકો અને લોકોની સ્પષ્ટ માંગ છે કે તંત્ર તાત્કાલિક ધોરણે બ્રિજ પરના ખાડાઓનું ગુણવત્તાયુક્ત સમારકામ કરાવે અને ૩૦ ટનથી વધુ વજનના વાહનો પરના પ્રતિબંધનો કડક અમલ કરાવે. કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોવાને બદલે તંત્ર હવે તાત્કાલિક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.



## મુખ્યમંત્રીના હસ્તે વડોદરા ઝોનનો રાજ્યકક્ષાનો માતા યશોદા એવોર્ડ શિનોરના ચેતનાબેન પટેલને મળ્યો

સાધલી, હસમુખ પટેલ

15 મી ઓગસ્ટ વડોદરા માંજલપુર સ્પોર્ટસ કોમ્પ્લેક્સ ખાતે વડોદરા જિલ્લા કક્ષાના સ્વાતંત્રતા પર્વની ઉજવણીના કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે શિનોર તાલુકાના શ્રેષ્ઠ મુખ્ય સેવિકા તરીકેનો રાજ્યકક્ષાનો માતા યશોદા એવોર્ડ મેળવનાર ચેતનાબેન ઘનશ્યામભાઈ પટેલનું સન્માન કરીને, સન્માન પત્ર આપવામાં આવ્યું હતું.

શિનોર તાલુકાના ટીંબરવા ગામના વતની ચેતનાબેન ઘનશ્યામભાઈ પટેલની 17 વર્ષની સેવા પછી શ્રેષ્ઠ મુખ્ય સેવિકા તરીકે શ્રેષ્ઠ સેવા કરવા બદલ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પોતાના નિવાસસ્થાને તારીખ 7 માર્ચ 2026 ના રોજ વડોદરા ઝોન નો રાજ્યકક્ષાનો માતા યશોદા એવોર્ડ ,મોમેન્ટો અને રૂપિયા 61000 નો ચેક, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આપવામાં આવેલ હતો. સરકાર દ્વારા સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ મુખ્ય સેવિકા તરીકે શ્રેષ્ઠ સેવા કરવા બદલ તેમનું બહુમાન પણ કરવામાં આવ્યું હતું .અને હાલ તેઓ સુપરવાઈઝર તરીકે શિનોર તાલુકામાં શ્રેષ્ઠ સેવા આપી રહ્યા છે.અને ઈન્ચાર્જ સીડીપીઓ નો ચાર્જ પણ તેમની પાસે છે.



### જિલ્લા તંત્ર અને નેતાઓ એજન્સીઓના ગુલામ બન્યાનો આક્રોશ

## છોટાઉદેપુરમાં શરમજનક સ્થિતિ : 2 કરોડનો સ્વિમિંગ પૂલ જરૂરી કે આંગણવાડી વિનાનું ખોખરા ગામ?

### 800ની વસ્તી ધરાવતું ખોખરા ગામ આજે પણ માસૂમો માટે આંગણવાડી ઝંખી રહ્યું છે!

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લામાં પ્રજાના કરોડો રૂપિયાના ટેક્સની કમાણીનો કેવો ધુમાડો થાય છે તેનો એક ભયાનક અને ચોંકાવનારો નમૂનો સામે આવ્યો છે. હવે છોટાઉદેપુર જિલ્લાના રહીશોએ જાતે જ નક્કી કરવાનો વારો આવ્યો છે કે આ ગરીબ અને આદિવાસી વિસ્તારના લોકો માટે ૨ કરોડના ખર્ચે બનતો શો-બાજી સમો સ્વિમિંગ પૂલ વધુ જરૂરી છે કે પછી ગામના માસૂમ બાળકો માટે એક પ્રાથમિક આંગણવાડી? અહીં વહીવટી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની નીતિ-રીત સામે જનતામાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં વિકાસ કામોના નામે કરોડોના ટેન્ડરો મેળવતી એજન્સીઓ જાણે માફિયા બની ગઈ હોય અને જિલ્લા તંત્રના ઉચ્ચ અધિકારીઓ તથા ચૂંટાયેલા નેતાઓ તેમના ઈશારે નાચતા ગુલામ બની ગયા હોય તેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. પ્રજાની પ્રાથમિક જરૂરિયાતોને નેવે મૂકીને માત્ર કમિશનખોરી અને મોટા બજેટના પ્રોજેક્ટો મંજૂર કરાવવામાં જ તંત્રને રસ હોય તેમ લાગી રહ્યું છે. છોટાઉદેપુર તાલુકાની ખોખરા ગ્રામ પંચાયતની સ્થિતિ આજે અત્યંત દયાજનક છે. આશરે ૮૦૦થી વધુ લોકોની વસ્તી ધરાવતા આ ગામમાં આજે પણ માસૂમ બાળકો માટે આંગણવાડીની કોઈ સુવિધા જ નથી! ગામના નાના-નાના ભૂલકાંઓ પૌષ્ટિક આહાર, પ્રાથમિક શિક્ષણ અને રસીકરણ જેવી મૂળભૂત સરકારી સુવિધાઓથી વંચિત રહી જાય છે. ગામના ગરીબ આદિવાસી પરિવારના બાળકો કાં તો ખુલ્લામાં રઝળવા મજબૂર છે અથવા ઝૂંપડા જેવા કામચલાઉ સ્થળોએ બેસવા લાચાર બન્યા છે. ગામડાઓમાં પીવાનું ચોખ્ખું પાણી, રસ્તા અને આંગણવાડી જેવી પાયાની સુવિધાઓ આપવા માટે બજેટ નથી હોતું, પરંતુ કરોડો રૂપિયાના ખર્ચે સ્વિમિંગ પૂલ જેવા શોખીન પ્રોજેક્ટ્સ રાતોરાત મંજૂર થઈ જાય છે. ખોખરા ગામના ગ્રામજનો હવે આકરા પાણીએ થયા છે અને સવાલ ઉઠાવી રહ્યા છે કે, સરકારી તંત્ર ક્યાં સુધી એજન્સીઓની દલાલી કરતું રહેશે? જો વહેલી તકે ખોખરા ગામને સુસજ્જ આંગણવાડી ફાળવવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## રાણાવાવ પોલીસે આદિત્યાણા ગામેથી તીનપત્તીનો જુગાર રમતા 6 શખ્સો ને પકડી પડ્યા

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

રાણાવાવ પોલીસે આદિત્યાણા ગામની દાદર સીમમાં પડતર જમીન પર હાથબત્તીના અજવાળે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા છ શખ્સોને ઝડપી પાડી તેમની પાસેથી ગંજીપત્તા, રોકડ રકમ સહિત કુલ રૂ.૨૬,૩૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાની સૂચનાથી જિલ્લામાં પ્રોહિબિશન તથા જુગારની પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ અનુસંધાને રાણાવાવ ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક ધ્રુવલ સી. સુતરીયાના માર્ગદર્શન હેઠળ રાણાવાવ પોલીસ ઈન્સ્પેક્ટર બી.જી. ડાંગર દ્વારા પોલીસ સ્ટાફને આવી પ્રવૃત્તિઓ સામે રેઈડ કરવા સૂચના આપવામાં આવી હતી.

દરમિયાન રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.વી. મોરી તથા સ્ટાફ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હતા ત્યારે આદિત્યાણા ગામે હાથી સિમેન્ટના ગેઈટ પાસે ખાનગી બાતમી મળી હતી કે દાદર સીમમાં વનરાજ રાજાભાઈ ખુંટીની વાડી પાસેની પડતર જગ્યામાં કેટલાક શખ્સો જાહેરમાં હાથબત્તીના અજવાળે પૈસા પાનાથી તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે બે પંચ સાક્ષીઓને સાથે રાખી સ્થળ પર રેઈડ કરતા છ શખ્સો પાથરણું પાથરી ગોળ કુંડાળામાં બેસીને જુગાર રમતા મળી આવ્યા હતા.



### ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક ખાસ નોંધ શેર કરી

# 40 પછીની જિંદગી કેવી હોય છે? અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ શેર કરી ફની નોટ

મુંબઈ

ગ્લોબલ સ્ટાર અને બોલીવૂડની 'દેસી ગર્લ' પ્રિયંકા ચોપરાએ 40 વર્ષની ઉંમર વટાવી લીધા બાદ જીવનમાં આવતા વિવિધ તબક્કાઓ અને અનુભવોને અત્યંત રમુજી અને રસપ્રદ અંદાજમાં સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. પ્રિયંકાએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક ખાસ નોંધ શેર કરી જણાવ્યું કે, 40ની ઉંમર પછી જીવન કોઈ બંધાયેલી ટાઈમલાઈન મુજબ નહીં પરંતુ માત્ર 'વાઈબ્સ' અને મસ્તીથી ચાલે છે. પ્રિયંકા ચોપરાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કરેલી નોટમાં લખ્યું હતું તે 40ની ઉંમરમાં પ્રવેશવું ખૂબ જ વિચિત્ર અને અનોખું છે! મારી એક મિત્ર દાદી બની ગઈ છે, તો એક મિત્રને હમણાં જ નવું બાળક જન્મ્યું છે. એક મિત્ર પોતાના લગ્નની 20મી એનિવર્સરી ઉજવી રહી છે, તો બીજી એક 25 વર્ષના યુવાન છોકરાને ડેટ કરી રહી છે. આપણામાંથી અડધા લોકો હજુ પણ 28 વર્ષના દેખાય છે, જ્યારે બાકીના અડધા લોકોને સૂતાં-સૂતાં જ સ્નાયુ ખેંચાઈ જાય છે. કોઈ ફિક્સ ટાઈમલાઈન નથી, બસ પોતાની વાઈબ્સ છે! પ્રિયંકાની આ રમૂજી પોસ્ટ સોશિયલ મીડિયા પર ફેન્સમાં ચર્ચાનું કારણ બની છે.

વાત કરીએ વર્કફ્રન્ટની તો પીસી ટૂંક સમયમાં જ એસ.એસ. રાજામૌલીની મેગા ફિલ્મ 'વારાણસી'થી કરશે ધમાકેદાર કમબેક કરવા જઈ રહી છે. પ્રિયંકા દિગ્ગજ ડિરેક્ટર એસ.એસ. રાજામૌલી ની આગામી મેગા બજેટ પાન-ઈન્ડિયા ફિલ્મ 'વારાણસી'માં મહત્વની ભૂમિકા ભજવતી જોવા મળશે. ફિલ્મમાં પ્રિયંકા 'મંદાકિની' નામના મુખ્ય પાત્રમાં જોવા મળશે. આ ફિલ્મમાં સાઉથ સુપરસ્ટાર મહેશ બાબુ મુખ્ય ભૂમિકા (રુદ્ર)માં અને અભિનેતા પૃથ્વીરાજ સુકુમારન 'કુંભા' ના પાત્રમાં જોવા મળશે.

અહીંયા તમારી જાણકારી માટે કે આ એક ટાઈમ-ટ્રાવેલ અને ગ્લોબલ એક્શન-એડવેન્ચર ફિલ્મ છે, જેની વાર્તા પવિત્ર શહેર વારાણસી અને એક વૈશ્વિક સંકટની આસપાસ ફરે છે. આ ફિલ્મ સાતમી એપ્રિલ, 2027ના રોજ થિયેટર્સમાં રીલિઝ થવા જઈ રહી છે. ગ્લોબલ સ્ટાર અને બોલીવૂડની 'દેસી ગર્લ' પ્રિયંકા ચોપરાએ 40 વર્ષની ઉંમર વટાવી લીધા બાદ જીવનમાં આવતા વિવિધ તબક્કાઓ અને અનુભવોને અત્યંત રમુજી અને રસપ્રદ અંદાજમાં સોશિયલ મીડિયા પર શેર કર્યા છે.

**40ની ઉંમરમાં પ્રવેશવું ખૂબ જ વિચિત્ર અને અનોખું છે! મારી એક મિત્ર દાદી બની ગઈ છે, તો એક મિત્રને હમણાં જ નવું બાળક જન્મ્યું છે**

# ગોવિંદાનો ક્લબમાં ડાન્સ કરતો વીડિયો વાયરલ

## ગોવિંદા હાલમાં જ થાઈલેન્ડના પટાયામાં એક ક્લબમાં પરફોર્મ કરતા જોવા મળ્યા હતા

બેંગકોક

બોલીવુડના જાણીતા અભિનેતા ગોવિંદા અભિનેત્રી કોમલ રાની સ્વર્ણકાર સાથે સમગ્ર દુનિયા સામે નજર આવ્યા બાદ ચર્ચામાં છે. અભિનેતાની પત્ની સુનિતા આહુજાએ ઘણીવાર તેમની ફિલ્મની નવી અભિનેત્રી સાથે તેમના કથિત અફેરની વાત કરી છે. સુનીતાની સાથે ચાલી રહેલા ઝઘડા વચ્ચે ગોવિંદા હાલમાં જ થાઈલેન્ડના પટાયામાં એક ક્લબમાં પરફોર્મ કરતા જોવા મળ્યા હતા.

આ પહેલા તે સ્કૂલના સ્ટેજ પર પણ નાચતા જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર પટાયાના એક ક્લબમાં ગોવિંદાના ડાન્સનો વિડિયો વાયરલ થઈ રહ્યો છે. ક્લબમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન અભિનેતાને બેકગ્રાઉન્ડ ડાન્સર્સ સાથે પોતાના અમુક પ્રખ્યાત ગીતો પર નાચતા જોવા મળ્યો હતો. ગોવિંદાએ 90 ના દસકામાં પોતાની હિટ ફિલ્મોના ગીતો પર ડાન્સ કર્યો, જેમાં 'સોની દે નખરે' જેવા ગીતો સામેલ હતા. કાળા અને સફેદ રંગના સૂટમાં જોવા મળેલા ગોવિંદાએ પોતાના સિગ્નેચર ડાન્સ મૂવ બતાવ્યા હતા.

ગોવિંદા ક્લબમાં કરી રહ્યા પરફોર્મ

ગોવિંદાની પરફોર્મન્સ પર ચાહકોને મિશ્ર પ્રતિક્રિયા મળી હતી, જેમાં ઘણા લોકોએ અભિનેતાનો ડાન્સ જોવાનું પસંદ કર્યું હતું. તો અમુક લોકોને લાગ્યું કે એક ક્લબમાં પરફોર્મ કરવું તેમના સુપરસ્ટારવાળા સ્ટારડમના હિસાબે યોગ્ય નહોતું. એક જણે તો કમેન્ટમાં લખ્યું હતું 'આ સુપરસ્ટાર માટે ખરાબ લાગી રહ્યું છે, ક્લબમાં પરફોર્મ કરી રહ્યા છે.' સોશિયલ મીડિયા પર ગોવિંદાનો કર્યો લોકોએ બચાવ ગોવિંદાનો બચાવ કરતા એક ચાહકે લખ્યું હતું ક, 'પૈસા કમાવવામાં કંઈ ખોટું નથી, કમસે કમ તે પોતાના બળે પરત તો ફરી રહ્યા છે.'



# સેટ પર ફરહાના ભટ્ટ પર ભડકી અવિકા ગોર, પછી માંગી માફી

## ફરહાનાની શુભેચ્છાઓ પર અવિકાએ તરત જ તીખા અંદાજમાં કટાક્ષ કરતા કહ્યું, "તમે, તમે તો ઈચ્છતા જ નહોતા કે હું આ ટીમમાં આવું."

મુંબઈ

કલર્સ ટીવીનો રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી 15' આજકાલ જબરદસ્ત ચર્ચામાં છે. એક તરફ જ્યાં સિતારાઓ ખતરનાક સ્ટંટ્સનો સામનો કરી રહ્યા છે, ત્યાં બીજી તરફ ટાસ્ક દરમિયાનની આપસી ખેંચતાણ અને તણાવ પણ હવે ખુલીને સામે આવી રહ્યો છે. હાલમાં જ શોના સેટ પર ટીવીની જાણીતી અભિનેત્રી અવિકા ગોર અને ફરહાના ભટ્ટ વચ્ચે આવી જ દલીલબાજી જોવા મળી હતી. ખરેખર, ટાસ્ક દરમિયાન અવિકા ગોરને ફરહાના ભટ્ટની ટીમમાં સામેલ કરવામાં આવી હતી. ટીમમાં આવતા જ ફરહાનાએ ખૂબ જ પ્રેમથી અવિકાનું સ્વાગત કર્યું અને તેને અભિનંદન આપ્યા. પરંતુ અવિકા તે સમયે કોઈ વાતને લઈને ખૂબ જ ગુસ્સામાં હતી. ફરહાનાની શુભેચ્છાઓ પર અવિકાએ તરત જ તીખા અંદાજમાં કટાક્ષ કરતા કહ્યું, "તમે, તમે તો ઈચ્છતા જ નહોતા કે હું આ ટીમમાં આવું." અવિકાના આ તીખા રિએક્શન પછી સેટનો માહોલ એકદમ અસહજ થઈ ગયો અને તેનો ગુસ્સો સાફ રીતે ફરહાના પર નીકળતો દેખાયો. અવિકા ગોર એ કલાકારોમાંથી એક છે જે પોતાની ભૂલ સ્વીકારવામાં ક્યારેય પાછળ નથી હટતી. પાછળથી જ્યારે અવિકાએ પોતાના આ વર્તન પર ધ્યાન આપ્યું, ત્યારે તેને પોતાની ભૂલનો તરત જ અહેસાસ થયો. તેણે સમય બગાડ્યા વિના સોશિયલ મીડિયા પર ફરહાનાના નામે એક ખુલ્લી માફીનામું (ઓપન લેટર) શેર કર્યું. અવિકાએ લખ્યું કે તેને પોતાનો એ અંદાજ બિલકુલ પસંદ ના આવ્યો. ફરહાનાને ટેગ કરતા અવિકાએ કહ્યું, "મને સાચે જ મારું એ વર્તન બિલકુલ સારું ના લાગ્યું. ખરેખર હું ટીમથી નારાજ હતી અને એ બધો જ ફ્રસ્ટ્રેશન ભૂલથી તમારા પર નીકળી ગયો, જે બિલકુલ યોગ્ય નહોતું. આઈ એમ સોરી લોટ્સ ઓફ લવ." સોશિયલ મીડિયા પર ફેન્સ અવિકાની આ પ્રામાણિકતા અને ખુલ્લા દિલથી ભૂલ સ્વીકારવાના અંદાજના ખૂબ વખાણ કરી રહ્યા છે.







# જન્મદિવસના પાંચ દિવસ પહેલાં 36 વર્ષની અભિનેત્રીએ દુનિયાને કરી અલવિદા

## 'હીરોઝ' અને 'નૅશવિલ' જેવી જાણીતી સિરીઝથી લોકપ્રિય બનેલી હોલીવુડની અભિનેત્રી હેડન પેનેટિયેરનું 36 વર્ષની વયે નિધન થયું

મુંબઈ

હજુ ગઈકાલે બોલીવુડની ઉભરતી અભિનેત્રીના નિધનના સમાચારને 24 કલાક થયા નથી ત્યાં હોલીવુડની જાણીતી અભિનેત્રીના નિધને દુનિયાને ચોંકાવી છે. 'હીરોઝ' અને 'નૅશવિલ' જેવી જાણીતી સિરીઝથી લોકપ્રિય બનેલી હોલીવુડની અભિનેત્રી હેડન પેનેટિયેરનું 36 વર્ષની વયે નિધન થયું છે. તેના નિધનના સમાચાર 16 ઓગસ્ટે સામે આવ્યા હતા, જ્યારે તેનો 37મો જન્મદિવસ માત્ર પાંચ દિવસ બાદ 21 ઓગસ્ટે આવવાનો હતો. તેના નિધનની સત્તાવાર પુષ્ટિ તેમના પિતા સ્કિપ પેનેટિયેરે કરી હતી. તેના મૃત્યુનું કારણ હાલમાં જાહેર કરવામાં આવ્યું નથી. હેડનના પિતાએ પત્રકારો સાથે વાત કરતાં પરિવાર વતી ઊંડું દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે અત્યંત દુઃખ સાથે તેઓ પોતાની પ્રિય હેડનના નિધનની જાણ કરી રહ્યા છે. તેમના જણાવ્યા અનુસાર હેડન એક અદભુત વ્યક્તિ હતી અને તેણે પોતાના જીવનમાં મળેલા લોકો ઉપરાંત પડદા પર તેને જોનારા લાખો લોકોના જીવનમાં પ્રેમ અને ખુશીઓ ભરી હતી. પરિવારે આ મુશ્કેલ સમયમાં લોકો તેમના ખાનગી જીવનનું સન્માન કરે અને ગોપનીયતા જાળવે તેવી અપીલ પણ કરવામાં આવી છે. હેડન પેનેટિયેરનું મનોરંજન જગત સાથેનું જોડાણ બાળપણથી જ શરૂ થઈ ગયું હતું. માત્ર 11 મહિનાની ઉંમરે તેઓ એક રમકડાની જાહેરાતમાં જોવા મળ્યાં હતાં. ત્યાર બાદ તેમણે બાળ કલાકાર તરીકે અનેક જાહેરાતોમાં કામ કર્યું હતું. વર્ષ 1998માં 'ધ ઑબ્જેક્ટ ઑફ માય અફેક્શન' ફિલ્મથી તેમણે ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો હતો. આ ફિલ્મમાં તેમનો નાનો રોલ હતો. ત્યારબાદ તેમણે ટેલિવિઝન અને ફિલ્મોમાં સતત કામ કર્યું અને વર્ષ 2006માં આવેલી ટેલિવિઝન સિરીઝ 'હીરોઝ'થી તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી ઓળખ મળી. 'હીરોઝ'માં ક્લેર બેનેટના પાત્રે તેમને ઘર-ઘરમાં લોકપ્રિય બનાવ્યાં હતાં. હેડન પેનેટિયેર પોતાના લાંબા કરિયરમાં 70થી વધુ પ્રોજેક્ટ્સનો હિસ્સો રહી ચૂક્યાં હતાં. તેમણે ફિલ્મો ઉપરાંત ટેલિવિઝન સિરીઝ અને અવાજના કલાકાર તરીકે પણ કામ કર્યું.

# ઓવરસીઝમાં ઈમરાન હાશ્મીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની 'આવારાપન 2'

મુંબઈ

ઈમરાન હાશ્મી અને દિશા પટનીની જોડીએ બોક્સઓફિસ પર ધમાલ મચાવી દીધી છે. બંનેની જોડી ફિલ્મ 'આવારાપન 2' દ્વારા સ્ક્રીન પર છવાઈ છે. ફિલ્મ 'આવારાપન 2' દર્શકોને ખૂબ પસંદ આવી રહી છે. જેનો સીધો ફાયદો બોક્સઓફિસ પર જોવા મળી રહ્યો છે. આ ફિલ્મે ફર્સ્ટ વીકેન્ડમાં 70 કરોડથી વધુ કલેક્શન કર્યું છે આ સાથે જ ઓવરસીઝ માર્કેટમાં પણ તેનો દબદબો જોવા મળ્યો હતો. ઈમરાન હાશ્મીની ફિલ્મ 'આવારાપન 2'ને રજાનો ભરપૂર ફાયદો મળ્યો હતો. આ મૂવીએ બોક્સઓફિસ પર બે દિવસમાં જ રેકોર્ડબ્રેક કમાણી કરી લીધી હતી. જો કે શનિવારની તુલનામાં રવિવારે કમાણી 23.0 ટકા જેટલી ઘટી હતી, પરંતુ છતાં 3 દિવસોમાં 100 કરોડના ક્લબમાં એન્ટ્રી મારી લીધી છે. રવિવારે આ ફિલ્મે 26 કરોડનું કલેક્શન કર્યું હતું. ત્યાર બાદ ઈન્ડિયા નેટ કલેક્શન 81.75 કરોડ રૂપિયા થઈ ગયું હતું. ઓવરસીઝમાં 19.30 કરોડ રૂપિયા અને વર્લ્ડવાઈડ 117.40 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું હતું. ઓવરસીઝમાં ઈમરાન હાશ્મીની હાઈએસ્ટ ગ્રોસર ફિલ્મ બની ફિલ્મ ક્રિટીકએ એક્સ પર પોસ્ટ શેર કરી જાણકારી આપી હતી કે ફિલ્મ ઓવરસીઝ માર્કેટમાં રેકોર્ડ બ્રેક કમાણી કરી રહી છે. ફિલ્મે પોતાના ઓપનિંગ વીકેન્ડમાં 50% બિઝનેસ દુબઈ અને ગલ્ફ દેશોમાં કર્યું હતું. એક પોસ્ટ અનુસાર ફક્ત ઓપનિંગ વીકેન્ડમાં જ 'આવારાપન 2' ઈમરાન હાશ્મીની સોલો ઓવરસીઝમાં હાઈએસ્ટ ગ્રોસિંગ ફિલ્મ બની ચુકી છે. 'આવરાપન 2'એ આ દેશોમાં કરી સૌથી વધુ કમાણી ફિલ્મ 'આવરાપન 2' એ ઓવરસીઝમાં શરૂઆતના સપ્તાહમાં 19.31 કરોડની કમાણી કરી હતી, જેમાં યુએઈ, યુએસએ, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. 'આવારાપન 2' એ બોક્સઓફિસ પર એક પછી એક રેકોર્ડ્સ બનાવ્યા છે.



## 12 વર્ષમાં પહેલીવાર ખેલ રત્ન કોઈને નહીં; આ વખતે એકપણ ક્રિકેટરનું લિસ્ટમાં નામ નથી

# દિવ્યા-ગાયત્રી ગોપીચંદ સહિત 17 ખેલાડીઓને અર્જુન એવોર્ડ

મુંબઈ

રમત મંત્રાલયે મંગળવારે રાષ્ટ્રીય ખેલ પુરસ્કારોની જાહેરાત કરી છે. આ વર્ષે 17 ખેલાડીઓને અર્જુન એવોર્ડ માટે પસંદ કર્યા છે. તેમાં ચેસ ખેલાડી દિવ્યા દેશમુખ, વિદિત ગુજરાતી, એથ્લીટ તેજસ્વિન શંકર અને બેડમિન્ટન ખેલાડી ગાયત્રી ગોપીચંદ અને તૃષા જોલી જેવા નામોનો સમાવેશ થાય છે.

મંત્રાલયે આ વખતે કોઈ ખેલાડીને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ માટે પસંદ કર્યો નથી. આ 12 વર્ષમાં પહેલો પ્રસંગ છે જ્યારે ખેલ રત્ન એવોર્ડને લાયક કોઈ ખેલાડીને ગણવામાં આવ્યો નથી. આ પહેલા 2014માં આવું બન્યું હતું. ફૂટબોલના દિગ્ગજ આઈ. અરુમાયનાયગમને અર્જુન એવોર્ડની લાઈફટાઈમ કેટેગરીમાં પસંદ કર્યા છે. તેઓ



1962ના જકાર્તા એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી ભારતીય ટીમના ભાગ હતા. દિવ્યાએ FIDE વુમન્સ વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો ચેસમાં દિવ્યા દેશમુખ અને વિદિત ગુજરાતીને અર્જુન એવોર્ડ માટે પસંદ કર્યા છે. દિવ્યાએ 2025માં FIDE વુમન્સ વર્લ્ડ કપનો ખિતાબ જીતીને મોટી સિદ્ધિ હાંસલ કરી હતી. તે ભારતની અગ્રણી મહિલા ચેસ ખેલાડીઓમાં સામેલ છે. બેડમિન્ટનમાં ગાયત્રી-ત્રિશાને સન્માન.

બેડમિન્ટનમાં ગાયત્રી ગોપીચંદ અને ત્રિશા જોલીને અર્જુન એવોર્ડ માટે પસંદ કર્યા છે. બંને મહિલા ડબલ્સમાં ભારતની મુખ્ય ખેલાડીઓ રહી છે. એથ્લેટિક્સમાં તેજસ્વિન શંકરને અર્જુન એવોર્ડ આપવામાં આવશે. તે હાઈ જમ્પની સાથે ડેકાથ્લોનમાં પણ ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યો છે. કોમનવેલ્થ ગેમ્સમાં ડેકાથ્લોનમાં મેડલ જીતીને તેણે ઈતિહાસ રચ્યો હતો. ભારત સરકારે પ્રતિષ્ઠિત અર્જુન પુરસ્કાર માટે 17 ખેલાડીઓની પસંદગી કરી છે. નિવૃત્ત ન્યાયમૂર્તિ અરુણ કુમાર મિશ્રાની અધ્યક્ષતામાં રમતગમત મંત્રાલયે આ જાહેરાત કરી. ચેસ વર્લ્ડ કપ વિજેતા દિવ્યા દેશમુખ, વિદિત ગુજરાતી, તેજસ્વિન શંકર, ગાયત્રી ગોપીચંદ સહિતના ખેલાડીઓને રમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ સન્માનિત કરાશે.

## રિષભ પંતે રચ્યો ઈતિહાસ, ટેસ્ટમાં સૌથી ઝડપી 100 છગ્ગા ફટકારનાર દુનિયાનો પહેલો બેટર

નવી દિલ્હી

શ્રીલંકા સામેની ગૌલ ટેસ્ટ મેચના ચોથા દિવસે ભારતીય વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતે પોતાની વિસ્ફોટક બેટિંગથી બોલરોના પસીના છોડાવી દીધા હતા. ભારતીય ટીમ મેચમાં ઝડપથી રન બનાવીને શ્રીલંકાને મોટો ટાર્ગેટ આપવાના હેતુથી મેદાનમાં ઉતરી હતી. ક્રીઝ પર આવતા જ પંતે પોતાના આક્રમક તેવર બતાવ્યા હતા. શરૂઆતમાં પિચ પર થોડો સમય વિતાવી સંભાળીને રમ્યા બાદ પંતે ગિયર બદલ્યો અને મેદાનની ચારેય તરફ ચોગ્ગા અને છગ્ગા ફટકાર્યા હતા. 89મી ઈનિંગ્સમાં વર્લ્ડ રેકોર્ડ રિષભ પંતે પોતાના ટેસ્ટ ડેબ્યૂના બરાબર 8 વર્ષ પછી આ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પંતે પોતાની 89મી ટેસ્ટ ઈનિંગ્સમાં 100 છગ્ગા પૂરા કરીને નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ઝડપી 100 છગ્ગા ફટકારનાર તેઓ વિશ્વના પ્રથમ બેટ્સમેન બની ગયો છે. આ અગાઉ કોઈપણ બેટ્સમેનને આ સિદ્ધિ મેળવવામાં ઘણો વધારે સમય લાગ્યો હતો. બીજી ઈનિંગ્સ દરમિયાન પંત અત્યંત આક્રમક મનોસ્થિતિમાં જોવા મળ્યો હતો. તેણે શ્રીલંકન ફાસ્ટ બોલર લાહિરુ કુમારાના બોલ પર લોંગ-ઓફ ઉપરથી શાનદાર છગ્ગો જડ્યો હતો. ત્યારબાદ તેણે કુમારાના જ બીજા બોલ પર ફાઈન લેગ ઉપરથી પોતાનો ટ્રેડમાર્ક હૂક શોટ રમીને છગ્ગાની સદી પૂરી કરી હતી.

### રેનશોના ઓપનિંગ કરવાની સંભાવના

## બાંગ્લાદેશ સામે બીજી ટેસ્ટ માટે ઓસ્ટ્રેલિયન ટીમ જાહેર: વેધરલ્ડ બહાર

સિડની

ઓસ્ટ્રેલિયાએ બાંગ્લાદેશ સામે 22 ઓગસ્ટથી મેકેમાં રમાનારી બીજી ટેસ્ટ માટે 13 સભ્યોની ટીમમાં એક ફેરફાર કર્યો છે. પહેલી ટેસ્ટમાં 9 વિકેટની હાર બાદ ઓપનર જેક વેદરાલ્ડને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે. તેની જગ્યાએ મેથ્યુ રેનશો પરત ફર્યો છે. આ સાથે જ ઓસ્ટ્રેલિયાએ એશિઝમાં સફળ રહેલી ટ્રેવિસ હેડ અને વેધરઅલ્ડની ઓપનિંગ જોડીને માત્ર એક ટેસ્ટ બાદ તોડી દીધી છે. રેનશોના ઓપનિંગ કરવાની સંભાવના રેનશોને બીજી ટેસ્ટમાં ટ્રેવિસ હેડ સાથે ઓપનિંગ કરવા માટેના સૌથી મજબૂત દાવેદાર માનવામાં આવી રહ્યો છે. જોકે, ઓસ્ટ્રેલિયાએ બેટિંગ ઓર્ડર અંગે



અંતિમ નિર્ણય લીધો નથી. વિકેટકીપર બેટર જોશ ઈંગ્લિસ પણ ઓપનિંગના વિકલ્પ છે. તેણે ગયા વર્ષે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા XI માટે ઈંગ્લેન્ડ લાયન્સ સામે ઓપનિંગ કરતા 40 અને અણનમ 125 રન બનાવ્યા હતા. 30 વર્ષીય રેનશોએ તેની છેલ્લી ટેસ્ટ 2023માં ભારત સામે દિલ્હીમાં રમી હતી. તેણે ગયા શેફિલ્ડ શીલ્ડ સીઝનમાં 10 ઈનિંગ્સમાં 3 સદી ફટકારી અને લગભગ 50ની સરેરાશથી રન બનાવ્યા હતા. મેકેના ગ્રેટ બેરિયર રીફ એરેનામાં પણ તેના નામે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં બે સદી છે. વેદરલ્ડ બાંગ્લાદેશ સામે ડાર્વિનમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં બંને ઈનિંગ્સમાં મોટી ઈનિંગ્સ રમવામાં નિષ્ફળ રહ્યો હતો. તેણે પ્રથમ ઈનિંગ્સમાં 23 અને બીજી ઈનિંગ્સમાં 0 રન બનાવ્યા હતા.

# શ્રીલંકા સામે પહેલી ટેસ્ટમાં ભારત મજબૂત સ્થિતિમાં

### ગૉલ ટેસ્ટના ચોથા દિવસે શ્રીલંકાના 84 રન પર 4 વિકેટ ઝડપી લીધી

મુંબઈ

શ્રીલંકા સામે પહેલી ટેસ્ટમાં ભારત મજબૂત સ્થિતિમાં પહોંચી ગયું છે. ટીમે ગૉલ ટેસ્ટના ચોથા દિવસે શ્રીલંકાના 84 રન પર 4 વિકેટ ઝડપી લીધી છે. ખરાબ લાઈટના કારણે દિવસની રમત સમયસર પહેલાં પૂરી કરવી પડી. કેપ્ટન ધનંજય ડી સિલ્વા 31 અને સોનલ દિનૂષા 25 રન બનાવીને અણનમ છે. બંને વચ્ચે 37 રનની ભાગીદારી થઈ ચૂકી છે. શ્રીલંકાને જીતવા માટે હજુ 288 રન વધુ બનાવવાના છે. ભારત તરફથી માનવ સુથારે 2, જ્યારે મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્નાએ 1-1 વિકેટ લીધી. ભારતે પહેલી ઈનિંગ્સમાં 462 રન બનાવ્યા હતા, જ્યારે




શ્રીલંકાની પહેલી ઈનિંગ્સ 284 રનમાં સમેટાઈ ગઈ હતી. ભારતને પહેલી ઈનિંગ્સમાં 178 રનની લીડ મળી હતી. બીજી ઈનિંગ્સમાં 193 રન ઉમેર્યા પછી ભારતની કુલ લીડ 371 રનની થઈ. રિષભ પંત ભારત માટે ટેસ્ટ ક્રિકેટમાં 100 છગ્ગા લગાવનાર પ્રથમ બેટર બન્યો. પંતે લાહિરુ કુમારાના બોલને લૉંગ લેગની ઉપરથી છગ્ગા માટે મોકલ્યો. આ જ છગ્ગા સાથે તેણે ટેસ્ટ કરિયરની 20મી અડધી સદી પણ પૂરી કરી. તેણે 66 રનની ઈનિંગ્સ રમી. ખરાબ લાઈટના કારણે ચોથા દિવસની રમત સમયસર પહેલાં પૂરી કરી દેવામાં આવી. શ્રીલંકાએ 34 ઓવરમાં 4 વિકેટ પર 83 રન બનાવ્યા છે.

ધનંજય ડી સિલ્વા અને સોનલ દિનૂષા અણનમ છે. ભારતને જીતવા માટે 6 વિકેટ, જ્યારે શ્રીલંકાને 288 રન વધુ જોઈએ છે. પાંચમા દિવસની રમત સવારે 9:45 વાગ્યે શરૂ થશે. દેવદત્ત પડિકલે આ ટેસ્ટમાં બોલિંગ પણ કરી. આ તેના ફર્સ્ટ ક્લાસ કરિયરમાં માત્ર સાતમી તક હતી જ્યારે તેણે હાથમાં બોલ લીધો. આ પહેલા 6 મેચમાં તેણે કુલ 9 ઓવર ફેંકી હતી અને 34 રન આપીને કોઈ વિકેટ લીધી ન હતી.

## બિઝનેસ

### સામાન્ય માણસના ખિસ્સા પર સીધી અસર

# ખાવા-પીવાની ચીજ વસ્તુઓ મોંઘી થશે

મુંબઈ

2027 સુધીમાં ભારતમાં ખાદ્યપદાર્થોના ભાવમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. આ ચેતવણી મલ્ટીનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ ફર્મ જેપી મોર્ગને જાહેર કરી છે. રિપોર્ટ અનુસાર, ભારત સરકાર પર 3 લાખ કરોડ રૂપિયાની સબસિડીનો બોજ વધશે. ફર્મે દાવો કર્યો છે કે મોંઘવારીની અસર સમગ્ર વિશ્વ પર થશે. ખાતરની અછત, ભૌગોલિક રાજકીય તણાવ સાથે એક શક્તિશાળી અલ નીનો વાવાઝોડાના આગમનથી આ સંકટ વધુ ઘેરું બનશે. વર્ષ 2027ના પ્રથમ છ મહિનામાં વૈશ્વિક સ્તરે ખાદ્યપદાર્થોના ભાવ 5% સુધી વધી શકે છે. 2026ના પ્રથમ છ




મહિનામાં આ આંકડો 2.8% હતો. ભારત માટે આ ચેતવણી વધુ મહત્વની છે, કારણ કે દેશમાં ખાતર પહેલેથી જ ઘણું મોંઘું છે. મિડલ ઈસ્ટની ભૂમિકા: વિશ્વનું 42% યુરિયા અને 27% એમોનિયા (ખાતર બનાવવાનું રસાયણ) મિડલ ઈસ્ટ એટલે કે આરબ દેશોમાંથી આવે છે. જો ત્યાં યુદ્ધ કે તણાવને કારણે સપ્લાય અટકી, તો આખી દુનિયામાં ખાતરની ભારે અછત સર્જાશે અને ભાવ આસમાને પહોંચી જશે.

ગેસની કિંમતો: યુરિયા જેવા ખાતર બનાવવામાં નેચરલ ગેસનો સૌથી વધુ ઉપયોગ થાય છે. જો ગેસ મોંઘો થશે, તો ખાતર બનાવવું પણ મોંઘું થઈ જશે. ખાતર મોંઘું થતાં ખેડૂતો તેનો ઓછો ઉપયોગ કરશે, જેનાથી પાકની ઉપજ ઘટી જશે.

સુધારવામાં લાગશે લાંબો સમય: જો એકવાર ખાતરના કારખાના કે ગેસ પ્લાન્ટ આ સંકટને કારણે બંધ કે પ્રભાવિત થયા, તો તેમને ફરીથી સંપૂર્ણપણે ઠીક થવામાં 1 થી 5 વર્ષ સુધીનો લાંબો સમય લાગી શકે છે.

### તાંબાનો ભાવ ₹1,400 પ્રતિ કિલોએ પહોંચ્યો

# સોનું, ચાંદી છોડી દુનિયા તાંબુ ખરીદવા પાછળ ઘેલી: કિંમત વધી

મુંબઈ

ભારતમાં ઓગસ્ટ 2026માં તાંબાની કિંમત પ્રતિ કિલોગ્રામ રૂ. 1,400ના સ્તર સુધી પહોંચી ગઈ છે. 17 ઓગસ્ટે મલ્ટી કમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (MCX) પર કોપર કોન્ટ્રાક્ટ પણ આ જ સ્તરની આસપાસ ટ્રેડ થઈ રહ્યા હતા. બજારમાં માત્ર કિંમતો જ વધી નથી, પરંતુ તુરંત સપ્લાય મેળવવા માટે ખરીદદારોએ વધારાનું પ્રીમિયમ પણ ચૂકવવું પડી રહ્યું છે. લંડન મેટલ એક્સચેન્જ (LME) પર પણ કોપરના ભાવ રેકોર્ડ સ્તરની નજીક છે. પાવર ગ્રીડ, ઈલેક્ટ્રિક વ્હીકલ, રિન્યુએબલ એનર્જી અને ડેટા સેન્ટર જેવા ક્ષેત્રોમાં માગ ઝડપથી વધી રહી હોવાથી તાંબાને હવે એનર્જી ટ્રાન્ઝિશનનું 'નવું ઓઈલ'



ગણાવવામાં આવી રહ્યું છે. તાંબાની સપ્લાય વધારવી કેમ મુશ્કેલ છે? તાંબાની વધતી માગ સામે સપ્લાય વધારવી એક મોટો પડકાર છે. નવી માઈન શરૂ કરવાની પ્રક્રિયા ખૂબ લાંબી અને ખર્ચાળ હોય છે, જેમાં યોગ્ય ભંડારની ઓળખ, સરકારી મંજૂરીઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં વર્ષો લાગી જાય છે. ઉપરાંત, જૂની માઈન્સમાં અયસ્ક (Ore)ની ગુણવત્તા ઘટવા લાગી છે. બીજા તબક્કે, રિફાઈન્ડ કોપર બનાવવા માટે જરૂરી કોપર કન્સન્ટ્રેટની અછત સર્જાઈ છે. સપ્લાય મર્યાદિત હોવાથી સ્મેલ્ટર્સ વચ્ચે સ્પર્ધા વધી છે, જેનાથી પ્રોસેસિંગ કોસ્ટ વધી રહી છે. મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ માટે ઉત્પાદન બંધ રાખવા કરતાં મોંઘું પ્રીમિયમ ચૂકવીને પણ તાંબુ ખરીદવું વધુ ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે. 2040 સુધીમાં વૈશ્વિક માગમાં 50%નો વધારો થવાનો અંદાજ S&P Globalના અંદાજ મુજબ, વિશ્વમાં કોપરની માગ 2025માં આશરે 28 મિલિયન ટનથી વધીને 2040 સુધીમાં 42 મિલિયન ટન થઈ શકે છે, એટલે કે માગમાં 50%નો વધારો થવાની શક્યતા છે.

### ચેરમેનના રાજીનામા બાદ સંકટની સ્થિતિ સર્જાઇ

# ટાટા સન્સના 108 વર્ષના ઇતિહાસમાં પહેલીવાર AGM રદ: ચર્ચાઓ વધી

**બપોરે 2:30 વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગથી યોજાનારી આ બેઠકમાં જરૂરી 5 સભ્યો હાજર ન હોવાથી નિર્ણય લેવાયો. છેલ્લા 108 વર્ષમાં પ્રથમવાર ટાટા સન્સની AGM મુલતવી રહી છે. ટ્રસ્ટ પ્રતિનિધિની ગેરહાજરીએ કોરમને અસર કરી હતી**

મુંબઈ

ટાટા સન્સની AGM કોરમ પૂરું ન થતા મુલતવી રાખવામાં આવી છે. મંગળવારે બપોરે 2:30 વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગથી યોજાનારી આ બેઠકમાં જરૂરી 5 સભ્યો હાજર ન હોવાથી નિર્ણય લેવાયો. છેલ્લા 108 વર્ષમાં પ્રથમવાર ટાટા સન્સની AGM મુલતવી રહી છે. ટ્રસ્ટ પ્રતિનિધિની ગેરહાજરીએ કોરમને અસર કરી હતી. એન ચંદ્રશેખરન ફેબ્રુઆરી સુધી ચેરમેન પદે રહેશે. ટાટા સન્સની એન્યુઅલ જનરલ મીટિંગ એટલે કે AGM મંગળવારે કોરમ પૂર્ણ ન થવાને કારણે મુલતવી રાખવામાં આવી છે. પહેલાથી જ AGM મુલતવી રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી હતી. સૂત્રોએ જણાવ્યું છે કે બેઠકમાં જરૂરી સંખ્યામાં સભ્યો હાજર ન હતા, જેના લીધે એજીએમ આગળ વધારવી પડી. મોટી વાત એ છે કે છેલ્લા 100 વર્ષોમાં





પહેલીવાર એવું બન્યું છે કે ટાટા સન્સે AGM મુલતવી રાખવાનો નિર્ણય લીધો હોય. કોરમ પૂરું ન થતાં વીડિયો કોન્ફરન્સિંગથી યોજાનારી બેઠક મુલતવી આ AGM બપોરે 2:30 વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ અને ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમથી આયોજિત થવાની હતી, જો કે બેઠકમાં પૂરતું કોરમ પૂર્ણ ન થવાને કારણે તેને સ્થગિત કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સર રતન ટાટા ટ્રસ્ટ (SRTT) અને સર દોરાબજી ટાટા ટ્રસ્ટ તરફથી સંયુક્ત રીતે નામાંકિત કરવામાં આવતા પ્રતિનિધિને લઈને વર્તમાન નિયામક નિયંત્રણના કારણે મુશ્કેલી ઊભી થઈ છે. મહારાષ્ટ્ર ચેરિટી કમિશનરના સ્તરે યથાવત નિયામક પ્રતિબંધના લીધે SRTT હાલમાં સંયુક્ત પ્રતિનિધિ નામાંકિત કરવાની સ્થિતિમાં નથી. ટાટા સન્સના આર્ટિકલ્સ ઑફ એસોસિએશન અનુસાર, વૈધ કોરમ માટે ઓછામાં ઓછા 5 સભ્યોની હાજરી જરૂરી છે, જેમાં સંબંધિત સંયુક્ત નામાંકિત પ્રતિનિધિનો સમાવેશ થવો પણ આવશ્યક છે. એવામાં પ્રતિનિધિની ગેરહાજરીએ AGMના કોરમને અસર કરી છે. એન ચંદ્રશેખરને 12 ઑગસ્ટે ટાટા સન્સના ચેરમેન પદેથી રાજીનામું આપી દીધું હતું. જો કે તેઓ આવતા વર્ષે ફેબ્રુઆરી સુધી આ પદ પર બનેલા રહેશે.

# સેન્સેક્સ 493 પોઈન્ટ ઘટીને 77,235 પર બંધ

- **નિફ્ટી પણ 133 પોઈન્ટ ગગડીને 24,155 પર આવ્યો, બેન્કિંગ અને IT શેર્સમાં વધુ વેચવાલી રહી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 18 ઓગસ્ટે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 493 પોઈન્ટના ઘટાડા સાથે 77,235 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 133 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 24,155 પર બંધ થયો. બેન્કિંગ, રિયલ્ટી, FMCG અને IT શેર્સમાં આજે વધુ વેચવાલી રહી. મિલ્કી મિસ્ટ ફૂડ ડાયરી કંપનીનો શેર NSE અને BSE પર 18% પ્રીમિયમ સાથે 165 રૂપિયા પર લિસ્ટ થયો. તેની IPO કિંમત 140 રૂપિયા હતી. એટલે કે,



જે લોકોને IPOમાં શેર મળ્યા હતા, તેમને લિસ્ટિંગ પર જ 18%નો ફાયદો થયો છે. હોરાઈઝન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સ અને લલિતા જ્વેલરી માર્ટના IPOનો બીજો દિવસ.હોરાઈઝન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સ અને લલિતા જ્વેલરી માર્ટના IPOનો આજે બીજો દિવસ છે. આમાં રોકાણકારો 19 ઓગસ્ટ સુધી બોલી લગાવી શકશે. લલિતા જ્વેલરી માર્ટ આ IPO દ્વારા 1,700 કરોડ રૂપિયા અને હોરાઈઝન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સ 2,600 કરોડ રૂપિયા ભેગા કરવા માંગે છે.

### ચોમાસામાં મચ્છરજન્ય રોગચાળો ન વકરે તે માટે AMCનું મેગા ચેકિંગ

# દેવાંશી આર્કેડ, સુમેલ બિઝનેસ પાર્ક સહિત 346 એકમોને નોટીસ

શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરિયા જેવી બીમારીઓ માથું ન ઊંચકે તે માટે આરોગ્ય અને મલેરિયા વિભાગે મેગા ડ્રાઇવ શરૂ કરી છે. જેમાં નિયમોનું ઉલ્લંઘન કરતાં અને મચ્છરોની બ્રિડિંગ મળી આવતાં ઇન્ડિયા કોલોનીમાં આવેલા દેવાંશી આર્કેડને નોટીસ ફટકારી સીલ કરાયું

અમદાવાદ

ચોમાસાની સીઝનમાં રોગચાળાને ખુલ્લું આમંત્રણ આપતાં અને જાહેર આરોગ્ય સાથે ચેડાં કરતા બિલ્ડરો અને વેપારીઓ સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન લાલઘૂમ બન્યું છે. શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરિયા જેવી બીમારીઓ માથું ન ઊંચકે તે માટે આરોગ્ય અને મલેરિયા વિભાગે મેગા ડ્રાઇવ શરૂ કરી છે. જેમાં નિયમોનું ઉલ્લંઘન કરતાં અને મચ્છરોની બ્રિડિંગ મળી આવતાં ઇન્ડિયા કોલોનીમાં આવેલા દેવાંશી આર્કેડને નોટીસ ફટકારી સીલ કરાયું છે.

જ્યારે કોમર્શિયલ, કન્સ્ટ્રક્શન સાઇટ તેમજ અન્ય એકમોની તપાસ કરી ખાડિયા અને અસારવાના સુમેલ બિઝનેસ પાર્ક, ઓઢવની ડી માર્ટ, વસ્ત્રાલના બીઆરટીએસ ડેપો, સરખેજમાં આવેલી વોડાફોન ઑફિસ સહિતના 346ને નોટીસ ફટકારી 9.77 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.




શહેરના તમામ સાતેય ઝોનમાં આરોગ્ય વિભાગના અધિકારીઓએ એકસાથે 1320 કન્સ્ટ્રક્શન સાઇટો તેમજ કોમર્શિયલ એકમો ખૂંદી વળી હતી. જેમાંથી 244 સાઇટ એવી હતી જ્યાં ખુલ્લામાં ભરાયેલા પાણીમાં મચ્છરોનું બ્રીડિંગ મળ્યું હતું. આ સિવાય 102 જગ્યાએ અન્ય ખામી મળી આવી હતી. તંત્રે બિલ્ડરો તેમજ ચેરમેનોને કાયદાનો પાઠ ભણાવવા 346 એકમોને નોટિસ આપીને સ્થળ પર જ 9.77 લાખ રૂપિયાનો તોતિંગ દંડ વસૂલ્યો હતો. સૌથી વધુ દંડ સરદારનગરમાં આવેલા રિવેરા ઈન્ફ્રા પ્રાઇવેટ લિમિટેડને 50 હજાર રૂપિયાનો કરાયો છે. આ સિવાય ખાડિયાની અંકુર ટેક્સટાઇલ મિલ અને નરોડાની શિવંતા વનને 25-25 હજાર રૂપિયાનો દંડ કરાયો છે. જ્યારે બાકીની સાઇટોને 20 હજારથી લઈને 5 હજાર રૂપિયા સુધીનો દંડ વસૂલ કરાયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળાના આંકડા જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે મચ્છરજન્ય તેમજ પાણીજન્ય રોગચાળો નિયંત્રણમાં હોવાનો ચિત્ર રજૂ કરવામાં આવ્યો છે. ગત વર્ષના જુલાઈના આંકડા કરતાં આ વર્ષે ઘટાડો જોવા મળ્યો છે. જુલાઈ 2025માં સાદા મલેરિયાના 146 કેસ નોંધાયા હતા. જેની સામે આ વર્ષે જુલાઈમાં 50 કેસ નોંધાયા છે. જ્યારે ઑગસ્ટ મહિનાની 16 તારીખ સુધીમાં સાદા મલેરિયાના 48, ઝેરી મલેરિયાના 6, ડેન્ગ્યુના 68 અને ચિકનગુનિયાનો 1 કેસ નોંધાયો છે. પાણીજન્ય રોગોમાં પણ રાહત જોવા મળી છે. ઑગસ્ટ મહિનામાં અત્યાર સુધીમાં ઝાડા ઉલટીના 192, કમળાના 39, ટાઇફોઇડના 95 કેસ નોંધાયા છે.

### ભારે ગંદકી અને એક્સપાયર્ડ ખોરાક:

## લાયસન્સ વગર ચાલતી અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ લોયોલાની કેન્ટીન સીલ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC)ના ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા મંગળવારે(18 ઑગસ્ટ) વિજય ચાર રસ્તા નજીક આવેલી જાણીતી સેન્ટ ઝેવિયર્સ લોયોલા સ્કૂલના કેન્ટીનમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન કેન્ટીનમાં અત્યંત અસ્વચ્છ વાતાવરણ, એક્સપાઈરી ડેટ પૂરી થઈ ગઈ હોય તેવી 12 જેટલી ખાદ્યચીજોનો વપરાશ, કાયદેસરના ફૂડ લાયસન્સનો અભાવ તેમજ ગ્લોવ્ઝ વગર જ અસ્વચ્છ રીતે ખોરાક બનાવવામાં આવતો હોવાનું સામે આવતાં તંત્રએ કેન્ટીનને સીલ મારી દીધું છે. AMCના ફૂડ સેફ્ટી ઑફિસર સહિતની ટીમ દ્વારા સેન્ટ ઝેવિયર્સ લોયોલા સ્કૂલમાં હાથ ધરાયેલા ચેકિંગમાં ચોંકાવનારી બેદરકારી સામે આવી હતી. રસોડામાં વપરાતા વાસણો અને સાધન-સામગ્રી અત્યંત ગંદા હતા. આ ઉપરાંત ખોરાક બનાવતા કારીગરોએ હાથમાં ગ્લોવ્ઝ કે માસ્ક પણ પહેર્યા નહોતા. સૌથી ગંભીર બાબત એ હતી કે, કેન્ટીનમાંથી 12 જેટલી એક્સપાયરી ડેટ જતી રહી હોય તેવી સામગ્રી મળી આવી હતી, જે વિદ્યાર્થીઓના આરોગ્ય માટે ભારે જોખમી સાબિત થઈ શકે તેમ હતી.




### મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાની આ મામલે ક્યારે તપાસ કરશે?

# AMCના નામે મોટો કાંડ, હાઈટેક ગેંગ કોના ઈશારે લાખોની ચોરી કરતી હતી તેની તપાસ થવી જરૂરી!!




- આરોપીઓ પાસે AMC ના લોગોવાળા જેકેટ ક્યાંથી આવ્યા તેની ઉંડી તપાસ ક્યારે થશે
- મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ હોય તેવો દેખાવ કરતી ટોળકીને વાસણા પોલીસે ઝડપી પાડેલી

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારી બનીને લાખોના કોપરની ચોરી કરનાર હાઈટેક ટોળકી પકડાયા પછી મ્યુનિ. કોર્પોરેશન તંત્ર સામે અનેક સવાલો ઉભા થયા છે. શહેરમાં હાલ જુદા જુદા વિસ્તારોમાં ફરીને સ્થળ તપાસ કરનારા મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાની આ મામલે રસ લઈને કોઈ ઉંડી તપાસ કરશે કે પછી મામલો થાળે પડી જશે તેની ચર્ચા ચાલી રહી છે. આમ તો સમગ્ર મામલો પોલીસમાં છે પણ આ ટોળકી પાસે અમદાવાદ મ્યુનિ.ના લોગોવાળા જેકેટ ક્યાંથી આવ્યા અને શું તેમની પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રના કોઈ મોટા માથાની રહેમનજર હતી કે કેમ તેની તપાસ થવી જરૂરી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર અમદાવાદ શહેરના વાસણા વિસ્તારમાં એક એવી ગઠિયા ટોળકી ઝડપાઈ છે, જેણે AMCના કર્મચારીઓનો ગેટઅપ ધારણ કરીને BSNLના અંડરગ્રાઉન્ડ કોપર વાયરની લાખો રૂપિયાની ચોરીને અંજામ આપ્યો. ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી એવી હતી કે, કોઈને જરાય શંકા ન જાય. જો કે, વાસણા પોલીસ અને BSNL સ્ટાફે વોચ ગોઠવીને 4 આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

ગત 15 ઓગસ્ટની રાત્રે વાસણા વિસ્તારમાં કેટલાક શખ્સો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મીઓ જેવો સ્વાંગ રચીને આવ્યા હતા. આ ટોળકીના સભ્યોએ બિલકુલ AMC કર્મચારીઓ જેવા દેખાતા રેડિયમ જેકેટ પહેર્યા હતા અને સાથે ખોદકામ અને રિપેરિંગના જરૂરી સાધનો પણ લાવ્યા હતા. એટલું જ નહીં, તેઓ ત્યાં પહેરો ભરતા BSNLના સિક્યોરિટી ગાર્ડને પોતાની ખોટી ઓળખ આપી હતી અને અમે કોર્પોરેશનમાંથી કામ અર્થે આવ્યા છીએ તેમ કહીને તેને ચૂપચાપ એક જગ્યાએ બેસાડી દીધો હતો.

વાસણા પોલીસ સ્ટેશનની તપાસમાં સામે આવ્યું છે કે, આ ગેંગ મૂળ દિલ્હીની છે અને ખાસ અમદાવાદમાં ચોરી કરવા માટે જ આવી હતી. ત્યારે વાસના પોલીસે વધુ એ તપાસ શરુ કરી છે કે આ ગેંગ પાસે BSNLની લાઈન કઈ ડેડ છે, તેનો માસ્ટર પ્લાન ક્યાંથી આવ્યો અને આ કોપર વાયરની ચોરી બાદ કોને વેચાણે આપતા હતા. આ ગેંગમાં અન્ય કોણ-કોણ છે અને કેટલા સમયથી આવા પ્રકારની ચોરી કરે છે.

### અમદાવાદમાં ધતિંગબાજ ભુવાનો કાળો કારનામો

## તાંત્રિક વિધિના બહાને 15 વર્ષની સગીરા પર ગુજાર્યો બળાત્કાર!

બીમારી મટાડવાના નામે નરાધમે નવસર્જિત પાપ આચર્યું: પાણીમાં નશીલો પદાર્થ ભેળવી સગીરાને બેભાન કરી બાંધતો શારીરિક સંબંધ, પવિત્રતાના નામે વાસના સંતોષતો નરાધમ ભુવો ચંદ્રેશ પંચાલ સોલા પોલીસના સિકંજામાં!

અમદાવાદ

સંસ્કારી અને સલામત ગણાતા અમદાવાદ શહેરમાં એક અતિ શરમજનક અને હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે, જ્યાં અંધશ્રદ્ધાના અંધારામાં એક સગીરા બળાત્કારનો ભોગ બની છે. સોલા વિસ્તારમાં રહેતી એક ૧૫ વર્ષની માસૂમ સગીરા વારંવાર બીમાર પડતી હોવાથી તેના ભોળા માતા-પિતા દીકરીને સાજી કરવાના હેતુથી એક ઢોંગી ભુવા પાસે લઈ ગયા હતા. પરંતુ માતા-પિતાને ક્યાં ખબર હતી કે જે ભુવાને તેઓ ભગવાનનો રૂપ માની રહ્યા છે, તે જ તેમની માસૂમ દીકરીનો શિકારી બનશે. ઢોંગી ભુવા ચંદ્રેશ પંચાલ નામના નરાધમે તાંત્રિક વિધિના નામે આચરેલા કાળો કારનામાથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સગીરાની બીમારી દૂર કરવા માટે ભુવા ચંદ્રેશ પંચાલે તાંત્રિક વિધિ કરવાનો નાટક રચ્યો હતો. વિધિના બહાને તે પરિવારજનોને ઘરની



બહાર મોકલી દેતો હતો અને ઘરમાં એકલી રહેલી સગીરાને પીવાના પાણીમાં કોઈ રહસ્યમય કે નશીલો પદાર્થ ભેળવીને બેભાન કરી દેતો હતો. સગીરા બેભાન થઈ જાય એટલે આ કૌપીનધારી રાક્ષસ તાંત્રિક વિધિના નામે તેની સાથે વારંવાર દુષ્કર્મ આચરતો હતો. લાંબા સમય સુધી ચાલેલા આ દૂષિત ખેલ બાદ અંતે સગીરાએ હિંમત કરી પરિવારજનોને આ ભયાનક હકીકત જણાવતાં માતા-પિતાના પગ તળેથી જમીન ખસી ગઈ હતી.

પરિવારજનો ત્વરિત સોલા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને નરાધમ ચંદ્રેશ પંચાલ વિરુદ્ધ દુષ્કર્મ અને પોક્સો હેઠળ ગુનો નોંધાવ્યો હતો.

### શહેરની ખાનગી શાળાઓની કેન્ટીનોમાં આરોગ્ય વિભાગના ધામા!

## આનંદ નિકેતન સ્કૂલના ભોજનમાંથી કાચ મળતાં મનપાનું ફૂડ વિભાગ સફાળું જાગ્યું

સરખેજની અદાણી વિદ્યા મંદિર સહિત અનેક શાળાઓમાં મનપાની ટીમોના દરોડા: પીરસવામાં આવતા ભોજનના સેમ્પલ લેવાયા, FSSAI સર્ટિફિકેટની કડક ચકાસણી શરુ!

અમદાવાદ

અમદાવાદની નામાંકિત આનંદ નિકેતન સ્કૂલની કેન્ટીનના ભોજનમાંથી કાચના ટુકડા મળી આવવાની ગંભીર ઘટના બાદ સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. માસૂમ બાળકોના આરોગ્ય સાથે થતા આ ખુલ્લા ચેડાંની ઘટના સામે આવ્યા બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)નું ફૂડ અને આરોગ્ય વિભાગ આખરે ઊંઘમાંથી સફાળું જાગ્યું છે. આજે સવારથી જ મનપાના ફૂડ ડેઝિગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય વિભાગની અલગ-અલગ ટીમોએ શહેરની જાણીતી ખાનગી શાળાઓની કેન્ટીનોમાં સરપ્રાઈઝ ચેકિંગ અને દરોડાનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ ઝુંબેશના ભાગરૂપે મનપાની ટીમે સરખેજ ખાતે આવેલી અદાણી વિદ્યા મન્દિર સ્કૂલમાં દરોડો પાડ્યો હતો. તંત્ર દ્વારા શાળાની કેન્ટીનની ચોખ્ખાઈ, રસોડાની સ્થિતિ અને બાળકોને પીરસવામાં આવતા ભોજનની ગુણવત્તાની બારીકાઈથી તપાસ કરવામાં આવી હતી. આરોગ્ય અધિકારીઓએ ઘટનાસ્થળેથી જ બાળકો માટે તૈયાર થતાં ભોજન અને વપરાતી ખાદ્ય સામગ્રીના સેમ્પલ લઈને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપ્યા છે. આ સાથે જ કેન્ટીન સંચાલકો પાસે ખાદ્ય સુરક્ષાના કાયદા હેઠળ જરૂરી એવું FSSAI (ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) નું લાયસન્સ અને સર્ટિફિકેટ છે કે નહીં તેની પણ કડક ચકાસણી હાથ ધરી હતી.

શાળાની કેન્ટીનમાં અવારનવાર નબળી ગુણવત્તાનું ભોજન અપાતું હોવાની ફરિયાદો ઉઠતી હોય છે, પરંતુ આનંદ નિકેતન જેવી હાઈ-પ્રોફાઈલ સ્કૂલમાં ભોજનમાંથી કાચ નીકળવાની ઘટનાએ વાલીઓની ચિંતામાં ભારે વધારો કર્યો છે. મનપાના અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે શહેરની કોઈપણ ખાનગી શાળાની કેન્ટીનમાં જો સ્વચ્છતાનો અભાવ જણાશે કે FSSAIના નિયમોનું ઉલ્લંઘન થયેલું જોવા મળશે, તો તે કેન્ટીન ત્વરિત સીલ કરી સંચાલકો સામે કાયદાકીય શિકંજો કસવામાં આવશે. મનપાની આ આકસ્મિક કાર્યવાહીથી શહેરની તમામ ખાનગી શાળાઓના સંચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનો સપાટો: રિવરફ્રન્ટ પરથી હથિયારોના જથ્થા સાથે જુહાપુરાનો રાઝી કુરેશી ઝડપાયો!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં અસામાજિક તત્વો અને ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી કરનારાઓ સામે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આકરી કાર્યવાહી કરીને મોટી સફળતા મેળવી છે. શહેરના પોશ અને ધમધમતા રિવરફ્રન્ટ વિસ્તારમાંથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગુપ્ત બાતમીના આધારે દરોડો પાડીને મોટા પ્રમાણમાં ગેરકાયદેસર શસ્ત્રોના જથ્થા સાથે જુહાપુરાના એક શંકાસ્પદ યુવકની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે એક યુવક પોતાના ટુ-વ્હીલર વાહનમાં ગેરકાયદેસર હથિયારો લઈને રિવરફ્રન્ટ રોડ પરથી પસાર થવાનો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને શંકાસ્પદ વાહનને અટકાવી તપાસ હાથ ધરી હતી.

વાહનની તલાશી લેતાં જ પોલીસ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. ટુ-વ્હીલરમાંથી મળી આવેલો મુદ્દામાલ: દેશી તમંચો (રિવોલ્વર/પિસ્તોલ): ૧ નંગ, જીવંત કારતૂસ: ૫ નંગ, ધારદાર તલવારો: ૫ નંગ, જુહાપુરાનો રાઝી કુરેશી જેલના સળિયા પાછળ, મુખ્ય સપ્લાયર ફરાર. પોલીસે ગેરકાયદે હથિયારો સાથે રંગેહાથ પકડાયેલા આરોપી રાઝી કુરેશી (રહે. જુહાપુરા, અમદાવાદ) ની સ્થળ પર જ અટકાયત કરી લીધી હતી. કડક પૂછપરછ દરમિયાન આરોપીએ ખુલાસો કર્યો હતો કે આ તમામ ઘાતક હથિયારો તેને અયૂબ શેખ નામના ઈસમે આપ્યા હતા.

# S.S. ડિવાઇન સ્કૂલમાં આચાર્યની નિમણૂંકને લઈને વિવાદ સર્જાયો

પ્રદીપ વર્મા અને સોનુ રાવ સ્વામિનારાયણ યુનિ.માં પણ ફરજ બજાવતા હોવાની DEOને ફરિયાદ મળી

અમદાવાદ

સાયન્સ સિટી વિસ્તારમાં આવેલી જાણીતી એસ.એસ. ડિવાઈન સ્કૂલમાં આચાર્યોની નિમણૂકને લઈને મોટો વિવાદ સામે આવ્યો છે. શાળાના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના પ્રિન્સિપાલ તરીકે નિયુક્ત કરાયેલા બંને આચાર્યો અન્ય એક ખાનગી યુનિવર્સિટીમાં પણ ઉચ્ચ પદો પર સમાંતર ફરજ બજાવતા હોવાની ફરિયાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરીને મળી હતી. આ ગંભીર નિયમભંગની ફરિયાદના પગલે ડીઈઓ તંત્રએ તાત્કાલિક ધોરણે શાળા સંચાલકોને કારણદર્શક નોટિસ ફટકારી ખુલાસો માંગ્યો છે.




પ્રાપ્ત વિગતો અનુસાર, એસ.એસ. ડિવાઈન સ્કૂલના બંને માધ્યમોમાં નીચે મુજબના આચાર્યોની નિમણૂક કરવામાં આવી હતી. તેઓ કલોલ સ્થિત સ્વામિનારાયણ યુનિવર્સિટીમાં 'ડીન' (Dean) જેવા અત્યંત મહત્વના હોદ્દા પર પણ કાર્યરત હોવાનું સામે આવ્યું છે.

તેઓ એ જ સ્વામિનારાયણ યુનિવર્સિટીમાં 'આસિસ્ટન્ટ પ્રોફેસર' તરીકે સમાંતર સેવા આપી રહ્યા છે.

શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો અનુસાર, કોઈપણ વ્યક્તિ એક જ સમયે બે અલગ-અલગ શૈક્ષણિક સંસ્થાઓમાં પૂર્ણકાલીન કે મહત્વના હોદ્દા પર એકસાથે ફરજ બજાવી શકે નહીં. જો કોઈ વ્યક્તિની અન્ય જગ્યાએ નિમણૂક થાય, તો તેણે અગાઉનો હોદ્દો છોડવો અનિવાર્ય બને છે, જેથી વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્ય અને વહીવટ પર કોઈ વિપરીત અસર ન પડે. એસ.એસ. ડિવાઈન સ્કૂલમાં આ નિયમનો ભંગ કરીને બંને આચાર્યો એકસાથે બંને જગ્યાએ હોદ્દા સંભાળતા હોવાથી તેમની સામે તાત્કાલિક કડક પગલાં ભરવાની માંગ ઉઠી હતી.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરીએ આ મામલે કડક વલણ અપનાવ્યું છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI